# અધ્યાત્મ


**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-00 વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫00**/ (વિમાનથી) આજીવન **૫000**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફલેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાના ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. સદ્ભાવભરી અમૂલ્ય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| ૨. ભ્રાંતિદર્શન | યોગેશ્વરજી | ૪ |
| ૩. શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| ૪. ચૂપ સાધન વૃત્તિરહિત | સ્વામી રામસુખદાસજી | ૧૨ |
| ૫. સંજીવની વૃક્ષ : સરગવો | કિશોરભાઇ ભટ્ટ | ૧૫ |
| ૬. પ્રેરક પ્રસંગો–પૂ.રણછોડદાસજી મહારાજના | સંકલન : પરમાર્થી, મૂ.લે. દમયંતી સેજપાલ | ૧૭ |
| ૭. સંકલ્પશક્તિનો પરચોઃ | યોગેશ્વરજી | ૨૧ |
| ૮. અવકાશનો આનંદ | આચાર્ય કલ્યાણ બોધિસૂરિ | ૨૫ |
| ૯. સાધકોની પૂ.માની સાથે નાયગ્રા યાત્રા(૧) | પૂ.મા શ્રી સર્વેશ્વરી | ૨૭ |
| ૧૦. પૂ.બજરંગદાસ બાપુ–એક અનોખા અલગારી સંત | સંકલન : નિર્ભયરામ વૈષ્ણવ | ૩૨ |
| ૧૧. યૌગિક કાર્યો | જ્યોતિબેન થાનકી | ૩૭ |
| ૧૨. વનવિશ્રામમમાં સાધના યજ્ઞ | ચંદ્રકાન્ત પટેલ | ૪૧ |
| ૧૩. પૂ.શ્રીના પ્રાગટ્ય પર્વ નિમિત્તે સાધકોએ નિયમો લીધા | રાજુભાઇ જાની | ૪૮ |
| ૧૪. ભગવાનનો ચહેરો! | | ૫૦ |
| ૧૫. વિદેશ અભ્યાસ માટે ગયેલા એક શ્રદ્ધાળુ યુવક શ્રી શિવમ્‌નો પૂ.માને પત્ર | શિવમ્ વિજયભાઇ કનેરિયા | ૫૨ |
| ૧૬. ઉત્સવોની ઉજવણી | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૫૭ |
| ૧૭. શ્રી રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય

—મા સર્વેશ્વરી

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા—ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઇ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું **'અધ્યાત્મ'** માસિક અમને ૩૪ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

**શ્રી વિકાસ શાહ** **શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર**
**શ્રી અનિલભાઇ લાડ** **શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર**
**ટોરન્ટો, કેનેડા.**



# ભ્રાંતિદર્શન

**યોગેશ્વરજી**

ગયે વરસે હરિદ્વારમાં મને એક સંન્યાસી મળેલા. ગંગાકિનારે મારી સાથે તેમણે થોડી વાતો કરેલી. વાતવાતમાં તેમણે કહ્યું કે હવે તો મને જીવનમાં કાંઇ કરવાની ઇચ્છા જ નથી થતી. કાંઇ કરવા તથા મેળવવા જેવું છે એમ લાગતું જ નથી. બસ, શાંતિથી બેસી રહું છું ને થાય તે થવા દઉં છું. મેં કહ્યું : તમને પૂર્ણ શાંતિ મળી ગઇ છે કે પરમાત્માની પ્રાપ્તિ થઇ છે? અથવા એમ લાગે છે કે આત્માન્નતિની અંત અવસ્થાએ તમે પહોંચી ગયા છો ને મેળવવા જેવું છે જ શું? પરમાત્માની પ્રાપ્તિ ને આત્મોન્નતિ બધી વાતો હવાઇ છે તેમાં કશો જ સાર નથી, મને તો શાંતિ જ છે. તે પછી તે કહેવા લાગ્યા કે મને તો કોઇ મહાપુરુષમાં વિશ્વાસ જ નથી. રમણ મહર્ષિ ને એવા બીજા સંતોને બધા મહાન સમર્થ કહે છે પણ મને તો તેમનામાં પણ કાંઇ નથી દેખાતું. એમ કહીને તેમણે રમણ મહર્ષિની ભારે શબ્દોમાં નિંદા કરવા માંડી.

મને લાગ્યું કે ભાઇના મનમાં પરમાત્માની પ્રાપ્તિ, શાંતિ તેમ જ સાધુતાના સંબંધમાં પણ કોઇ ભારે ગેરસમજ ઉત્પન્ન થઇ છે. પરંતુ તેમની સાથે વધારે ચર્ચા માટે અવકાશ ન હતો. તેવી ચર્ચાથી કોઇ લાભ થાય એમ પણ ન હતું. તેથી અમે એ વિશે વિશેષ ચર્ચા કર્યા વિના જ છૂટા પડ્યા પોતાની જાતના વિકાસની તેમ જ સાધનાની ગેરસમજ એવી રીતે કેટલાય પુરુષોમાં ઉત્પન્ન થયેલી જોઇ શકાય છે. કોઇ કારણથી કોઇ વાર બુદ્ધિભ્રમ પણ થતો હોય છે. તેને લીધે સાધકની શ્રદ્ધા ઓસરી જાય છે.

શરૂઆતમાં સાધક ભારે ઉત્સાહપૂર્વક સાધના કરે છે. પરંતુ ઘણી મહેનત કરે તો પણ અમુક જાતના અનુભવ ના થાય તો એવા અનુભવોમાંથી એની શ્રદ્ધા જ ડગી જાય છે. એવા અનુભવ પોતાને કે બીજાને થઈ શકે તેમ છે જ નહિ. એટલું જ નહિ, પણ એવા અનુભવ જ આધાર વિનાના ને મિથ્યા છે એવું તે માનવા ને મનાવવા માંડે છે. અમુક અનુભવની અવસ્થાએ ના પહોંચવાનું કારણ પોતાની નબળાઈ કે કમી છે એમ માનવાને બદલે એવા અનુભવની સત્યતામાંથી જ તે શ્રદ્ધા ખોઈ બેસે છે. તેવા માણસો વિચાર નથી કરતા કે એવા અનુભવ જો અસત્ય જ હોત તો બીજાને ના થઈ શક્ત. પરંતુ બીજા અનેકને એ થયા છે તે બતાવે છે કે એમને છેક ઉડાવી દેવા જેવા નથી, પરંતુ એ રીતે વિચારવાને બદલે તેવા વિચારદોષને લીધે ઉત્પન્ન થયેલા વિચાર તે પોતાની વાણી કે કલમમાંથી વહેતા મૂકે છે. પરિણામે બીજા ઊગતા સાધકોને નુકસાન થાય છે. ને સાધનાને પણ અન્યાય. જો તેવા માણસોનું નામ સમાજમાં જાણીતું હોય ને બીજા પર તેમનું વજન પડતું હોય તો તો લોકો તેમને અત્યંત રસપૂર્વક વાંચે છે, સાંભળે છે, ને તેમના વિચાર તથા અનુભવોને અંતિમ અથવા પ્રમાણભૂત માની લે છે. એવા વિચાર જ્યાં જ્યાં જાય છે ત્યાં એક જાતની શ્રદ્ધાની હવા ફેલાવ્યા કરે છે. કાચાપોચાને તેનો ચેપ લાગ્યા વિના રહેતો નથી, સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ બહુ જ ઓછાની અંદર જોવા મળે છે. એટલે મોટા ભાગના માણસો તેના પ્રભાવમાં તરત તેમજ પ્રબળપણે આવી જાય છે.

સાધનાની એવી ગેરસમજને ભ્રાંતિદર્શન કહેવામાં આવે છે. સાધનામાં એ પણ અંતરાયરૂપ બને છે ને આગળ વધતાં



અટકાવે છે. કેટલીક વાર એમ બને છે કે સાધના કરવાથી જુદી જુદી જાતના દર્શનના અનુભવ થાય છે. સાધનામાં એવી શ્રદ્ધા થાય છે, ને આગળ વધવાનો ઉત્સાહ પણ જાગે છે. પરંતુ એમાં એક ભયસ્થાન પણ છે. એને પરિણામે એક જાતની ગેરસમજ પેદા થવાનો સંભવ પણ રહે છે. એવા વચગાળાના અનુભવોને સાધક કેટલીક વાર ઘણું વધારે પડતું મહત્ત્વ આપી દે છે ને આખરી માની કૃતકૃત્ય બનીને બેસી જાય છે. પરિણામે સાધનાનો અંતિમ આદર્શ ભુલાઈ જાય છે. એવી ભ્રાંતિમાં ના પડાય તે માટે પણ ખૂબ ખૂબ વિવેકી ને જાગ્રત રહેવાની જરૂર છે. સાધનામાં થતાં સિદ્ધપુરુષો તેમ જ દેવતાના દર્શનથી પોતાનો પ્રવાસ પૂરો થયો છે એમ માનીને બેસી જવાની વૃત્તિથી સાધકે બચવાનું છે. તેના પરિણામે ને કોઈ બીજા કારણે ઉત્પન્ન થનાર ભ્રાંતિધારણાઓમાં પણ ના પડાય તેનું બરાબર ધ્યાન રાખવાનું એ રીતે જ સાધનાના મંગલ માર્ગે સફળતાપૂર્વક આગળ વધી શકાય. માટે જ્યાં સુધી દૃષ્ટિદર્શન કે આત્માની અપરોક્ષ અનુભૂતિ ના થાય ત્યાં સુધી સાધકે પોતાની સાધનામાં અટકી પડીને વિરામ અનુભવવાનો નથી. તે તો જ શક્ય બનશે જ્યારે સાધકના મનમાં પોતાના લક્ષ્ય અંગેની સમજ ખૂબ જ સુસ્પષ્ટ હશે. એટલા માટે જ આધ્યાત્મિક સાધનામાં અપરોક્ષ અનુભૂતિનિષ્ઠ કે સાચા તત્ત્વનિષ્ઠ ગુરુની આવશ્યક્તા રહે છે.

જો એવા દેહધારી ગુરુ ના હોય તો જે કોઈ પ્રભુના સ્વરૂપમાં કે સાચાસંતના અસ્તિત્વમાં શ્રધ્ધા હોય તેને પ્રાર્થના કરતા રહેવાથી ભ્રાંતિદર્શનમાંથી સાધકની રક્ષા થાય છે. એ માટે સાચા દિલથી કરાતી પ્રાર્થના ખૂબ જ ઉપયોગી ઠરે છે. ખોટા આત્મસંતોષમાંથી બચાવે છે.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૬ સપ્ટેમ્બર–૨૦૧૪ અંક ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–વડોદરાથી અમદાવાદથી વડોદરા**

**તા.૧૩/૦૭/૮૨, મંગળવાર**

આજે અમદાવાદમાં સત્સંગ થયો. પૂ.શ્રીએ તેમાં રામાયણના જયંતના પ્રસંગની નોંધ ઉપર પ્રકાશ પાડતાં કહ્યું.

**પૂ.શ્રી :–**રામાયણ કાવ્યમાં પૂરું થયું. હવે નોંધ ચાલે છે. જયંત પ્રસંગમાં તુલશીદાસજી લખે છે. ભગવાન રામ કૃપાળુ છે, તેથી એક આંખ કરીને જયંતને છોડ્યો.

એ લખતાં મને વિચાર આવ્યો કે ભગવાને એક આંખ કરીને છોડ્યો તો શિક્ષા કરીજને? જયંતે માફી માંગી તો પછી ત્યાં એક નયનનો અર્થ બીજો હોવો જોઇએ.

અને એક નયન એટલે એકજ રામને જ જુએ, તેવું એક નયન.

એ વિચાર પ્રભુ કૃપાએ આવ્યો ને લખાયું.

આજે એક કલાકના સત્સંગ પછી જાણીતા લેખક શ્રી



ઈશ્વરભાઇ પેટલીકર મળવા આવ્યા, જેથી પૂ.શ્રીએ થોડો વધારે સમય આપ્યો.

ત્યારબાદ જ્યાં ધ્યાનકેન્દ્ર ચાલે છે તે મકાનમાં પૂ.શ્રીને શ્રીબાબુભાઇ લઇ ગયા, ત્યાંથી આઠ વાગ્યે વડોદરા આવવા નીકળ્યા.

અમદાવાદના યજમાન પરિવારનો પૂ.શ્રીની સેવા કરવાનો ભાવ હતો પણ પૂ.શ્રીએ કહ્યું. ફરી આવીશું અહીં થોડા દિવસ.

વડોદરા રાતે ૧૦–૪૫ આવી ગયાં.

આરામ.

**૫૫, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા**

**તા.૧૪/૦૭/૮૨ બુધવાર**

સવારે પૂ.શ્રી પોતાના કાર્યમાં નિયમિત રહે છે. લેખનકાર્ય થઇ ગયું. થોડો આરામ માળા કરતાં કરતાં કર્યો. ભોજન લીધું.

ભોજનબાદ મુલાકાત શરૂ થઇ, જેમાં આચાર્ય રજનીશની વાત થઇ. વળી શ્રીરાજુભાઇને ભાખરી ને ખીચડી કેવી રીતે બનાવતા તેની પૂ.શ્રીએ સમજ આપી. ખાસ કંઇ નોંધવા જેવી વાતો ન થઇ.

બપોરે પૂ.શ્રીએ થોડો આરામ કરી લેખનકાર્ય જ કર્યું. સર્વેશ્વરીએ સાત આઠ પત્રોના જવાબો લખ્યા.

સાંજના સત્સંગની બેઠક શરૂ થતાં પહેલાં સૌ કોઇ પ્રણામ કરીને બેઠા થોડીવાર સૌ શાંતિથી બેઠા છે. વિજયભાઇ પૂરોહિત ને ભજન ગવડાવવાનું સૂચન પૂ.શ્રીએ કર્યું. તે ભાઇના ભજન પછી ત્રણબેનો ભજનો ગવડાવે છે. પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન :–**ભાગવતના શ્રીકૃષ્ણ ને વેદના શ્રીકૃષ્ણ જુદા કે એક છે?

**પૂ.શ્રી :—**ભાગવતમાં ભગવાન કૃષ્ણની લીલાનું વર્ણન આવે છે, જેમાં તેમણે જીવનકાળ દરમ્યાન શું કર્યું તે જાણવા મળે છે. ભાગવતમાં જે કૃષ્ણનું વર્ણન છે તેમાં અનાદિ સમયથી વેદ જેવા ગ્રંથમાં જેનું વર્ણન છે તે પરમાત્મા જ અવતાર રૂપે કૃષ્ણ થઇ આવ્યા છે. ગોપીગીતમાં ગોપી કહે છે તમે તો સમસ્ત જગતના આત્મા છો. બ્રહ્માની પ્રાર્થનાથી સંસારના રક્ષણ માટે હે પરમ સખા તમે યદુકૂળમાં પ્રગટ થયા છો. વેદમાં ભગવાનનું નામ પરમ પુરુષ છે. જેના હજારો હાથ, હજારો પગ અને હજારો આંખ છે તે પુરુષ સર્વત્ર છે. તે પરમ પુરુષ તે જ ભાગવતના પુરુસોત્તમ, કુષ્ એટલે આકર્ષણ કરનારા. વાછરડાં ગાયનું આકર્ષણ અનુભવે, સમસ્ત સંસાર જેમનાં સૌંદર્યથી પ્રેરાઇને જેની સાધના કરવા જાય તે પરમતત્ત્વ તે આકર્ષણ કરનારી સત્તા તે જ કૃષ્ણ, પિતા બાળકનું, ઘરનું આકર્ષણ અનુભવે. પ્રભુ એ રીતે જગતનું આકર્ષણ અનુભવે. વેદના ને ભાગવતના શ્રીકૃષ્ણ એક જ છે.

**પ્રશ્ન :—**મને થોડા દિવસ ભજન જ ગાવાનું ગમે, થોડા દિવસ જપ જ કરવાના ગમે, થોડા દિવસ ધ્યાન જ કરવાનું ગમે તો કોઇ એક સાધના કાજ ધ્યેય પામી શકાય?

**પૂ.શ્રી :—**જુઓ, ભોજનમાં પણ ક્યાં એક સરખો રસ જળવાઇ રહે છે? થોડા દિવસ કઢી બનાવો કે મગ બનાવો, ચોળા બનાવો એમ કરીએ જ છીએ.

જુઓ, વિવિધતા એ જ માનવની ને વિશ્વની પ્રકૃત્તિ છે. એટલે એવો આગ્રહ દૂરાગ્રહ ન રાખવો. લક્ષ્ય તો એક જ છે, પ્રભુ પાસે જવું. પણ તે ભજનથી, જપથી, ધ્યાનથી તે તો આપણી રૂચિ પર આધાર રાખે છે. કોઇ વાર જપથી, કોઇવાર



પ્રાર્થનાથી, કોઇવાર ધ્યાનથી આનંદ આવે. સાધન જુદાં જુદાં, બધાં જ ઝરણાઓ સરિતાને મળે. પ્રેમના બધા જ ઝરણાંઓ પ્રભુની પાવન સરિતાને મળે છે.

**તા.૧૫/૦૭/૮૨ ગુરુવાર**

સાંજે સત્સંગ શરૂ થયો. તે પહેલા બે ભાઇઓએ ભજન ગવડાવ્યાં. ત્યારબાદ પ્રેમભક્તિની પગદંડીમાંથી પ્રકરણ વંચાયું. સર્વેશ્વરીએ નોંધ વાંચી ભજન ગવડાવ્યું. પ્રશ્નો શરૂ થયા.

**પ્રશ્ન :—**દરેક માનવ એમ કહે કે પ્રભુની ઇચ્છા મુજબ બધુ થાય છે. તો માનવની પોતાની ઇચ્છાનું કેવું સ્થાન!

**પૂ.શ્રી :—**પ્રભુની ઇચ્છા એટલે પ્રભુ છે માટે આ બધુ કામ થાય છે. પ્રભુની તો કાંઇ ઇચ્છા જ હોતી નથી. પ્રભુ કેટલાકને પ્લોટ અપાવે ને કેટલાક ને પ્લોટ ન અપાવે, તો પ્રભુ અન્યાયી છે એમ ગણાય; ને શરણાગત ભક્તો, એમનો આધાર લેતા હોય. એમની કૃપા મેળવવા પ્રયત્ન કરતા હોય કૃપાપાત્ર બન્યા હોય તેમના જીવનમાં પ્રભુની ઇચ્છા, પ્રભુની પ્રેરણા કામ કરી રહી છે.

સામાન્ય માનવ તો પોતાની ઇચ્છાથી જ કાર્ય કરે. સંતો પ્રભુની ઇચ્છા પ્રમાણે કરે, તે પણ જે સંતો પ્રભુ પાસે પહોંચેલા હોય તેના જીવનમાં પ્રભુની પ્રેરણા કાર્ય કરે છે.

આપણી જે ઇચ્છાઓ હોય તેને આપણે સારી રીતે બનાવી જ શકીએ ને ઇચ્છા થઇ કે સીનેમા જોવી છે. રેકડી જોઇને ખાવાનું મન થયું છે પણ તે ઇચ્છાને વિવેકપૂર્વક તપાસવી તે આપણું કામ છે. શુભ ઇચ્છાનો અમલ કરવો. અશુભ ઇચ્છાનો ત્યાગ કરવો.

**પ્રશ્ન :—**મૌન સમયે પાઠ થઇ શકે?

**પૂ.શ્રી :**—મૌન જો મનનું હોય તો તો પાઠ ન થાય. વાણીનું હોય તો લેખન વાંચન થયા કરે છે. મૌન રહેવું એના કરતાં મહાભારતમાં બે વાક્ય આવે છે. મિતભાષી ને હિતભાષી. ઓછું બોલો ને કલ્યાણકારક બોલો.

**પ્રશ્ન :**—આ બધા વાર શા માટે કરે છે? કોઇ સોમવાર કરે કોઇ મંગળવાર કરે?

**પૂ.શ્રી :**—ઘણા વાર સાથે કથા જોડાયેલી છે એટલે એ બહાનેપણ માનવ વાર કરતો થાય. કોઇકને કોઇક વારે તો ખીલે બંધાવું જ પડેને.

વાર કરવાના પ્રભુએ નથી ઉભા કર્યા. આપણે જ ઉભા કર્યા. હવે શ્રાવણ મહિનો આવે છે તો ઘણાંને થાય કે ચાલોને શ્રાવણનો સોમવાર તો કરીએ. અને માનવને એ રીતે રસ પડે તો રોજ પૂજા કરતો થાય. શંકર ભગવાન કાંઇ ના નથી પાડતા કે સોમવારે જ પૂજા કરો મંગળવારે ના કરો.

આપણે જ બધું ઉભું કર્યું છે. આરોગ્યને માટે તે સારું છે અઠવાડિયે એક ઉપવાસ શું ખોટો! સત્સંગ બાદ દૂધ પીને આરામ.

॥ હરિ ૐ ॥

(ક્રમશઃ)

★ સંસારમાં રહો, મનમાં સંસાર ના રાખો. જ્યાં જ્યાં મન છે ત્યાં સંસાર છે તેથી મનને બદલવાનું છે.

★ કામ કરો. કામના ના રાખો.

—યોગેશ્વરજી



# ચૂપ સાધન વૃત્તિરહિત

—સ્વામી રામસુખદાસજી

ધ્યાનયોગના બે પ્રકાર છે—(૧) મનને એકાગ્ર કરવું અને (૨) વિવેકપૂર્વક મન સાથેનો સંબંધ—વિચ્છેદ કરવો. વિવેકપૂર્વક સંબંધ—વિચ્છેદથી તાત્કાલિક મુક્તિ મળે છે. સંસારમાં ઘણુંય પાપપુણ્ય થાય છે, પણ તેની સાથે આપણો સંબંધ જ નથી, આવી જ રીતે શરીર—ઇન્દ્રિયો—મન—બુદ્ધિની સાથે પણ આપણો સંબંધ છે જ નહીં. આને 'ઉપરતિ' કહે છે. ચિંતન કરવાની વૃત્તિ સાથે પણ સંબંધ રાખવો જોઇએ નહીં. શ્રીમદ્ ભાગવતમાં આવે છે—

**सर्वं ब्रह्मात्मकं तस्य विद्ययाऽऽत्ममनीषया ।**
**परिपश्यन्नुपरमेत् सर्वतो मुक्तसंशयः ॥**

(શ્રીમદ્ ભા.૧૧/૨૯/૧૮)

'પૂર્વોક્ત સાધન (મન—વાણી—શરીરની સર્વ ક્રિયાઓથી પરમાત્માની ઉપાસના) કરવાવાળા ભક્તનું 'સર્વ કાંઇ પરમાત્મસ્વરૂપ જ છે'— આવો નિશ્ચય થઇ જાય છે. પછી તે આ અધ્યાત્મવિદ્યા દ્વારા બધા પ્રકારની સંશયરહિત થઈને બધી જગ્યાએ પરમાત્માને સારી રીતે જોતાં જોતાં ઉપરામ થઇ જાય અર્થાત્ 'સર્વ કાંઇ પરમાત્મા જ છે'—આ ચિંતન પણ ન રહે, ઊલટાનું સાક્ષાત્ પરમાત્મા જ દેખાવા લાગે.'

સંપૂર્ણ દેશ, કાળ, ક્રિયા, વસ્તુ, વ્યક્તિ, અવસ્થા, પરિસ્થિતિ, ઘટના વગેરેમાં એક જ પરમાત્મતત્ત્વ સત્તારૂપથી જેમનું તેમ પરિપૂર્ણ છે. આ પ્રમાણે સાધક પહેલાં મનબુદ્ધિથી એ નિશ્ચય કરી લે કે 'પરમાત્મતત્ત્વ છે.' પછી આ નિશ્ચયને પણ

છોડી દે અને ચૂપ થઇ જાય. અર્થાત્ કાંઇ પણ ચિંતન ન કરે. **આત્માનું, અનાત્માનું, પરમાત્માનું, સંસારનું, સંયોગનું, વિયોગનું કાંઇપણ ચિંતન ન કરે. કાંઇપણ ચિંતન કરશે તો સંસાર આવી જ જશે.** કારણ કે કાંઇપણ ચિંતન કરવાથી ચિત્ત (કરણ) સાથે રહેશે. કરણ સાથે રહેશે તો સંસારનો ત્યાગ નહીં થાય; કારણકે કરણ પણ સંસાર જ છે. જો કરણ સાથે નહીં હોય, તો જ અસલી ધ્યાન થશે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચિંતન કરીએ તો પણ વૃત્તિ રહે જ છે. વૃત્તિનો અભાવ થતો નથી. પરંતુ કાંઇપણ ચિંતન કરવાનો ભાવ ન રહેવાથી વૃત્તિ સ્વતઃ શાંત થઇ જાય છે. આથી સાધકે ચિંતનની સર્વથા ઉપેક્ષા કરવાની છે. **જેવી રીતે પાણી સ્થિર (શાંત) થાય ત્યારે તેમાં ભળેલી માટી ધીમેધીમે આપમેળે નીચે બેસી જાય છે, તેવી જ રીતે ચૂપ થવાથી બધા વિકાર ધીમેધીમે આપમેળે શાંત થઇ જાય છે, અહમ્ ઓગળી જાય છે અને વાસ્તવિક તત્ત્વ (અહંરહિત સત્તા)નો અનુભવ થઇ જાય છે.**

સાધક હું, તું, આ અને તે—આ ચારેયને છોડી દે તો એક 'છે' (સત્તામાત્ર) રહી જાય છે. તે સ્વતઃસિદ્ધ 'છે'નો સ્વીકાર કરી લે તથા પોતાના તરફથી કાંઇપણ ચિંતન ન કરે. જો આપોઆપ કોઇ ચિંતન આવી જાય તો તેની સાથે રાગ ન કરવો, દ્વેષ ન કરવો. ન રાજી થવું, ન નારાજ થવું, ન તેને સારું માનવું, ન ખરાબ માનવું. અને ન પોતાનામાં માનવું, ચિંતન કરવાનું નથી, પણ ચિંતન થઇ જાય તો તેનો કોઇ દોષ નથી. આપોઆપ હવા વહે છે, શિયાળો ઉનાળો આવે છે, ચોમાસું આવે છે તો તેનો આપણને કોઇ દોષ નથી લાગતો, કારણકે તેની સાથે આપણો કોઇ સંબંધ જ નથી. દોષ તો જડતા સાથે



સંબંધ જોડવાથી લાગે છે. આથી ચિંતન થઇ જાય તો તેની ઉપેક્ષા કરો, તેની સાથે પોતાને ભેળવો નહીં અર્થાત્ એમ ન માનો કે હું ચિંતન કરું છું અને ચિંતન મારામાં થાય છે. ચિંતન મનમાં થાય છે અને મનની સાથે મારો કોઇ સંબંધ નથી.

જેમ 'આ અમુક ગામ છે'—એવી માન્યતા દૃઢ થવાથી એનું ચિંતન નથી કરવું પડતું, એવી જ રીતે 'પરમાત્મા છે'—એવી માન્યતા દૃઢ રહે તો પછી એનું ચિંતન નથી કરવું પડતું. જે સ્વતઃસિદ્ધ છે, એનું ચિંતન શું કરવું? આ આત્મચિંતન કરવાથી આત્મબોધ થતો નથી, કારણ કે આત્મચિંતન કરવાથી ચિંતક રહે છે અને અનાત્માની સત્તા રહે છે. અનાત્માની સત્તા માનશું, ત્યારે તો અનાત્માનો ત્યાગ અને આત્માનું ચિંતન કરાશે!

આને 'ચૂપ—સાધન', 'મૂક સત્સંગ' અને 'અચિંત્યનું ધ્યાન' પણ કહે છે. આમાં ન તો સ્થૂળશરીરની ક્રિયા છે, ન સૂક્ષ્મશરીરનું ચિંતન છે અને ન કારણશરીરની સ્થિરતા છે. આમાં ઇન્દ્રિયો પણ ચૂપ છે, મન પણ ચૂપ છે, બુદ્ધિ પણ ચૂપ છે અર્થાત્ શરીર—ઇન્દ્રિયો—મન—બુદ્ધિની કોઇ ક્રિયા નથી. બધાં જ ચૂપ છે, કોઇ બોલતું નથી! જે જોવાનું હતું તે જોવાઇ ગયું, સાંભળવાનું હતું તે સંભળાઇ ગયું, બોલવાનું હતું તે બોલાઇ ગયું, કરવાનું હતું તે કરાઇ ગયું, હવે કાંઇ પણ જોવાની, સાંભળાની, બોલવાની, કરવા વગેરેની રુચિ રહી નથી—આવું થાય ત્યારે જ 'ચૂપ—સાધન' થાય છે. આ 'ચૂપ—સાધન' સમાધિથી પણ ઊંચું છે; કારણ કે આમાં બુદ્ધિ અને અહમ્ સાથે સંબંધ—વિચ્છેદ છે સમાધિમાં તો લય, વિક્ષેપ, કષાય અને રસાસ્વાદ—આ ચાર દોષ(વિઘ્ન) રહેલા છે, પણ ચૂપ—સાધનમાં આ દોષો રહેતા નથી. ચૂપ—સાધન વૃત્તિરહિત છે.

# સંજીવની વૃક્ષ : સરગવો

—કિશોરભાઈ ભટ્ટ

એકવીસમી સદીની ગાંડી દોડમાં ભારતીય સંસ્કૃતિ પરંપરાએ બક્ષેલા અમૂલ્ય વારસાથી આપણે વિમૂખ થતાં જઈએ છીએ. માનવ જાતને ઉપકારક અનેક વનસ્પતિની ઓળખ અને તેનાં લાભોનું આપણને વિસ્મરણ થઈ ગયું છે. અહીં વાત કરવી છે હિમાલયમાંથી ઉદ્‌ભવેલ ખેતર વાડીના શેઢા—પાળા ઉપર વગર ખાતર ઓછા પાણીએ વિકસતા સંજીવની વૃક્ષ સરગવાની (તેનું અંગ્રેજી નામ છે MORNIGA)

મિત્રો, આપણે સરગવાને તેના શાક, કઢીના જ ઉપયોગ દ્વારા જ ઓળખીએ છીએ. વાસ્તવમાં તેનાં તમામ અંગોનો શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે છે અને સંશોધન વૃત્તિથી ઘણું વધારે જાણી શકાય છે. આધુનિક વિજ્ઞાન અને આર્યુવેદના મતે તેનાં લીલા કે સુકા પાનમાં પોષણનો ભરપૂર ખજાનો સમાયેલો છે. વિશ્વમાં તેનો સારો ઉપયોગ થઈ રહ્યો છે.

સરગવાના સુકાપાનમાં વીટામીન એ, બી—૧ બી—૨ બી—૩ સી, ઈ ઉપરાંત કેલ્શયમ, પોટેશિયમ, લોહ અને પ્રોટીન જેવા ૧૧ તત્ત્વો છે. ગાજરમાંથી મળતા વીટામીન એ કરતાં દશ ગણાં, દુધમાંથી મળતા કેલ્શયમ કરતા સતરગણાં, કેળામાંથી મળતા પોટેશ્યમ કરતાં પંદરગણાં અને પાલકની ભાજીથી મળતા લોહ કરતા પચીસ ગણાં તત્ત્વો સરગવાના પાનમાં છે. તેનામાં ૯૦ જેટલા પોષક તત્ત્વો, ૩૬ પ્રતિરોધક ઉદ્વીપકો અને ૧૮ એમીનો એસીડ છે.

તો પછી ચાલો આજથીજ સરગવાનાં લીલા સુકાપાન, શીંગનો ઉપયોગ શરૂ કરી દઈએ. સરગવો શારીરિક અને



માનસિક રીતે ગુણકારી છે.

★ તેનામાં પર્યાપ્ત કેલેરી હોવાથી શરીરના બાંધાને તે સમતોલ અને મજબૂત બનાવે છે.

★ રોગ પ્રતિરોધક શક્તિ વધારે છે. કોલેસ્ટોલને નિયંત્રિત કરે છે. તેથી લોહીનું દબાણ અંકુશમાં રહે છે.

★ લોહીનાં પરિભ્રમણ અને સરક્યુલેશનને નિયમિત કરે છે.

★ લોહીમાંની શર્કરા—ખાંડ—ગ્લુકોઝને નિયંત્રિત કરે છે.

★ લોહીને પ્રદુષિત થતું અટકાવે છે.

★ આંખો મગજ સ્વસ્થ રાખે છે.

★ ચામડી સુંદર બનાવે છે.

★ માનસિક શક્તિ વધારે છે.

★ બાળકનાં હાડકા અને દાંત મજબૂત બનાવે છે.

★ તેનાં બીથી પાણી શુદ્ધિકરણ કરી પાણીજન્ય રોગોથી બચી શકાય છે.

આ રીતે સરગવો બાળકો, યુવાનો, વૃદ્ધોને તંદુરસ્ત રહેવા માટે કલ્પવૃક્ષ સમાન છે. ખેડૂતો માટે જમીન સંરક્ષણની ભૂમિકા ભજવે છે.

સૌ મિત્રો—વડીલોને પોતાનાં ઘેર, કુંડામાં, અગાસીમાં, બગીચા ખેતરવાડીમાં શેઢાપાળાઉપર શાળા મંદિર—મસ્જીદ સોસાયટીમાં નકામી જમીનમાં ઉછેરવા અને તેનો ઉપયોગ કરી પ્રસાર—પ્રસારના પુણ્ય કમાવવાનાં અવસરનો લાભ ઉઠાવો. દાળ, શાક, ભાજી, સુપ, કે સરબત તરીકે સરગવાનાં પાનનો ઉપયોગ કરી શકાય છે. આ પત્રિકા અન્યને વાંચવા કુદરતની પ્રયોગશાળાની નજીક જઈએ. પી.કે.એમ.—૧ સારી જાત વાવી શકાય. સરગવાના પાન સુપર ફુડ છે.

# પ.પૂ.રણછોડદાસજી મહારાજના પ્રેરક પ્રસંગો

—સંકલન : પરમાર્થી, મૂ.લેખિકા : દમયંતીબેન સેજપાલ

## મુનિકી ગિરા સત્ય ભયી આજુ

તા. ૨૭–૦૫–૧૯૬૪ ને દિવસે સમગ્ર ભારતે એક આંચકો અનુભવ્યો. શ્રી જવાહરલાલ નહેરુ આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા હતા.

પૂજ્યશ્રી એ સમયે પુષ્કરમાં હતા. તરત એમને પણ આ દુઃખપ્રદ સમાચાર કહેવામાં આવ્યા. પરંતુ તેઓશ્રી તો બધું જાણતા જ હતા. એમણે તરત ડાયરી મંગાવી. એમાં થોડા દિવસ પહેલાંની તારીખમાં સ્વહસ્તે જ લખ્યું હતું : '૨૭ તારીખ કો જવાહર—' બધાએ એ વાંચ્યું.

પૂજ્યશ્રી ભવિષ્ય જાણી શકે છે એ વાતમાં બધાને શ્રદ્ધા. તેથી આસપાસ બેઠેલાઓમાંથી એકે સવાલ કર્યો : 'બાપુ, હવે વડાપ્રધાન કોણ બનશે?'

'દો રોજ બાદ પતા લગ જાયેગા.' તેમણે સ્વસ્થતાપૂર્વક કહ્યું. છેવટે કહ્યું, જાનના હૈ તો ફિર સમઝ લો કિ 'રંગ' આયેગા. આથી વિશેષ તેઓશ્રી કંઇ ન બોલ્યા.

હું પાસે બેઠી હતી. મને થયું : 'કોઇક 'ફાસ્ટકલર'ના લોકસેવક આવશે.' પણ બે દિવસ પછી વડાપ્રધાનનું નામ સાંભળ્યું. 'શ્રી લાલબહાદુર શાસ્ત્રીજી.'

પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'કયો, મૈં ને કહા થા ન કિ રંગ આયેગા? દેખો લાલ રંગ આયા ને?'



એમની ગૂઢ વાણી કોણ સમજી શકે?

૧૦ જાન્યુઆરી, ૧૯૬૬ ને દિને પૂજ્યશ્રી ઉજ્જૈન ધર્મશાળામાં બિરાજતા હતા. સાંજનો દિવસ. તેઓશ્રી ગંભીર વિચારમાં થોડી વારે બોલ્યા : 'દેખો તો, તાશ્કંદ રેડિયો ક્યા કહતા હૈ?'.

એ દિવસોમાં શ્રી લાલબહાદુર શાસ્ત્રીજી ભારત પાક સુલેહ કરાર ચર્ચાવિચારણા કરવા તાશ્કંદ ગયા હતા. અનિલાબહેન પાસે બેઠેલાં. તેમણે પૂછ્યું : 'ઘરે જઇને રેડિયો સાંભળી આવું? અભી કોઇ જરૂરત નહીં હૈ. કલ સવેરે હી લોગ ચિલ્લાને લગેંગે તબ પતા ચલ જાયેગા.'

કોઇને કંઇ સમજાયું નહીં. બીજે દિવસે વહેલી સવારે રેડિયો પરથી શોકસમાચાર પ્રસારિત થયા. 'વડાપ્રધાન શ્રીલાલબહાદુર શાસ્ત્રીજીનું ગઇકાલે રાત્રે દોઢ વાગ્યે તાશ્કંદ ખાતે હૃદયરોગના હુમલાથી અવસાન થયું છે.'

આગલે દિવસે પૂજ્યશ્રીના ચહેરા પર છવાયેલી ખિન્નતાનું કારણ સહુને સમજાઇ ગયું.

એ શાસ્ત્રીજીનો અંતિમ દિવસ હતો.

પૂજ્યશ્રીને સમાચાર જણાવવામાં આવ્યા ત્યારે તેમણે કહ્યું : 'શાસ્ત્રીજી ચલે ગયે સો અચ્છા નહીં હુઆ. પરંતુ ભગવાન કી ઈચ્છા ઔર વિધિ કા વિધાન હી ઐસા થા. લાલબહાદુર શાસ્ત્રીલાલ (ભારત માતાના પુત્ર) ભી થે, બહાદુર (હિંમતવાન) ભી થે ઔર શાસ્ત્રી (વિદ્વાન) ભી થે.'

## રામ સુસ્વામી કુસેવક મોંસો

પૂજ્યશ્રી ઉજ્જૈન બિરાજતા હતા. મારા ભાઇ અનિલની લગ્નતિથિ નજીક આવતી હોવાથી હું અને અનિલ ત્યાંથી મોટર

રસ્તે મુંબઇ આવવા નીકળ્યાં. નીકળતી વખતે પૂજ્યશ્રીએ કહ્યું : 'આજ અકસ્માત હોને કી સંભાવના હૈ. શામ કો સાત કે બાદ ગાડી નહીં ચલાના.'

સેંધવા આવતાં અમે ચા–કોફી પીવા રોકાયાં. ઘડિયાળ સાતમાંદસ મિનિટ ઓછી બતાવી રહ્યું હતું. પળ વાર માટે પૂજ્યશ્રીનું સૂચન યાદ આવ્યું, પરંતુ ભાવિએ મને ભુલાવી તેથી અમે આગળ મુસાફરી શરૂ કરી.

થોડી વાર પછી ખલઘાટી નામે ઓળખાતું ચઢણ શરૂ થયું. આછો અંધકાર પણ ફેલાયો અને ડ્રાઇવરે ઉતારા પર એકાએક સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો. એકાએક ગાડીએ બેફામ પણે ચાર–પાંચ ચકરાવા લીધા. આખી દુનિયા જાણે ફૂદરડી ફરી રહી. મારું કાળજું ધડકી ઊઠ્યું. મારા મોઢામાંથી 'બાબુ, ગાડી સંભાળ. હે રામ! ગુરુદેવ!' એવી ચીસ નીકળી ગઇ. બરાબર એ જ વખતે ગાડી બાજુના ખડક પર ભયંકર રીતે અથડાઇ પડી. ગાડીના ભુક્કા બોલી ગયા. સડકની બીજી તરફ ખીણ હતી. ગાડી એ તરફ જઇ પડી હોત તો? મેં આછા અંધકારમાં ઘડિયાળ જોઇ. સાતને દસ થઇ હતી.

અનિલને સારી પેઠે વાગ્યું હતું. નાકમાંથી લોહી ધાર જતી હતી. પૂજ્યશ્રીના શબ્દોની અવગણના કરવા બદલ હું પસ્તાઇ રહી. માંડમાંડ ગાડીની બહાર નીકળી ડ્રાઇવરની મદદથી અનિલને ઊંચકીને સડક પર સુવડાવ્યો. અજાણી જગ્યામાં હું સાવ એકલી હતી. મારા હાથપગ ઠંડા પડી ગયા. સ્વસ્થતા છિનવાઇ ગઇ. પરંતુ પૂજ્યશ્રીની દયાથી એ જ વખતે ત્યાંથી એક ટ્રક નીકળી! મેં હાથ ઊંચો કરી એને ઊભા રહેવાની સંજ્ઞા કરી. ડ્રાઇવર નીચે ઊતર્યો. પરિસ્થિતિ જાણી ક્લીનરની મદદથી



એણે અમારો સામાન ટ્રકમાં ચઢાવી દીધો. ત્યાર બાદ જે સેંધવા ગામ અમે પાછળ મૂક્યું હતું તે દિશામાં ટ્રક ચાલી. રસ્તામાં પોતાના પૈસા ખર્ચીને તેણે જબરદસ્તીથી મોટો ગ્લાસ ભરીને દૂધ અનિલને પિવડાવ્યું.

અમે સીધા હોસ્પિટલમાં પહોંચ્યાં. અનિલને નીચે ઉતારી ક્લીનર ડૉક્ટરને બોલાવી લાવ્યો. પછી અમારો સામાન ઉતારી, બે હાથ જોડી 'નમસ્તે' કહી ડ્રાઇવરે રજા માગી. પર્સ ખોલી હાથમાં આવ્યા એટલા રૂપિયા મેં એને આપવા માંડ્યા.

'અરે બહેનજી! મેં તો મારું કર્તવ્ય બજાવ્યું છે.' એટલું કહી કેટલા રૂપિયા છે તે જોયા વિના એણે ટ્રકમાં બેસીને ટ્રક મારી મૂકી.

રાત્રે અગિયાર વાગ્યે ઉજ્જૈન બાલુભાઇને ફોન કરી મેં બધી હકીકત જણાવી. ને બીજે દિવસે પૂજ્યશ્રીને સમાચાર આપવા કહ્યું. પરંતુ બાલુભાઇનાં પત્ની કમળાબહેન ત્યારે જ ધર્મશાળામાં ગયાં. પૂજ્યશ્રી જાગતા જ બેઠા હતા. ખબર સાંભળ્યા કે તરત દાદર ઊતરી ઓમકારભાઇને સાથે લઇ મોટરમાં સેંધવા આવવા નીકળ્યા.

મેં ભલે આજ્ઞાનો અનાદર કર્યો. પરંતુ શ્રી ગુરુદેવે પોતાનું 'બિરુદ' છોડ્યું નહોતું!

રાત્રે ત્રણ વાગ્યે રૂમનો દરવાજો ઠોકાયો. સાથે જ ઓમકારભાઇનો અવાજ પણ આવ્યો : 'દમુબહેન, દરવાજો ખોલો. મહારાજશ્રી પધાર્યા છે.'

અંદર આવીને ઠપકાનો એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના પૂજ્યશ્રીએ ઘેનમાં પડેલા અનિલના માથા પર પ્રેમથી હાથ ફેરવ્યો. મારી એ વખતની દશાનું વર્ણન કલમથી થાય એવું નથી.

# સંકલ્પશક્તિનો પરચોઃ

—યોગેશ્વરજી

(સાચેજ, સર્જન અને જીવન સંકલ્પ શક્તિમાંથી પ્રાદુર્ભાવ પામે છે. એટલેજ મહાપુરુષો કહે છે—કે આ અમૂલ્ય શક્તિ ભંડારને ગમે તેમ વેડફી ના નાંખો, ખોટા ને નકારાત્મક વિચારોથી દૂર રહો. શુભ ને મંગલકારક સંકલ્પો જ કરો. તેથી રુદ્રાભિષેકમાં ભગવાનને પ્રાર્થના કરતાં કહ્યું છે કે તન્મે મનઃ શિવસંકલ્પ મસ્તુ ! મારું મન શુભ મંગલ સંકલ્પવાળું થાઓ.

શુભ સંકલ્પ સાથે શ્રદ્ધા ભળે ત્યારે ચમત્કાર સર્જાય છે. પૂ.શ્રી યોગેશ્વરજીના સાધનાત્મક જીવન દરમ્યાનનો એક પ્રસંગ અહીં તેઓશ્રીની કલમે લખાયેલ રજુ કયો છે. તેમાં એક ડોશીમાને પૂ.મહાત્માજીમાં પ્રથમ નજરે જ જે દૈવી દિવ્યપુરુષનો ભાવ જાગ્રત થતાં, પોતાની બીમારીના નિવારણ માટે—પાણીના પાત્રને સંકલ્પ સહિત સ્પર્શ કરવા આગ્રહ રાખે છે અને તેમના અતિ આગ્રહને અનિચ્છાએ વશ થઇ. પૂ.શ્રીને તેમ કરવું પડે છે.

પરિણામે તે જલ પીધા પછી ડોશીમા બિમારીમાંથી ધીમે ધીમે મુક્ત થઇ જાય છે. આ ચમત્કારિક ઘટના પ્રચાર પામે તે પહેલાંજ પૂ.શ્રી તે સ્થાન છોડી જતા રહે છે. કારણ કે તેનાથી સાધનામાં વિક્ષેપ સર્જાય છે. —તંત્રી)

તે વખતે ચંપકભાઇની સાથે એક વાર હું દહેરાદુન ગયો હતો. દહેરાદુનમાં અમે થોડા દિવસ અભય મઠમાં રહેલા. તે દરમ્યાન એક પ્રસંગ બન્યો. મઠની પાસે રહેતા કોઇ બે પુરુષો રોજ સાંજે મને મળવા આવતા. પણ એ વખતે મને ધ્યાનમાં



બેઠેલો જોઇને તે પાછા જતા. તેમણે ચંપકભાઇને વાત કરતાં કહ્યું : ‘અમારે મહાત્માજીને મળવું છે.’

ચંપકભાઇએ તેનું કારણ પૂછ્યું તો તેમાંના એક ભાઇ બોલ્યા : ‘થોડા દિવસ પહેલાં મને સંતસમાગમની ઇચ્છા થઇ. તે વખતે એક સંત પુરુષનું સ્વપ્નમાં દર્શન થયું. બે ત્રણ દિવસ પહેલાં તમારી સાથેના મહાત્માને જોયા એટલે અમને તેની યાદ આવી. સ્વપ્નમાં મેં તમારી સાથે છે તે જ મહાત્માજીને જોયા. તેમને મારે ઘેર લઇ જઇને ભોજન કરાવવું છે.’

ચંપકભાઇને એ વાત સાંભળીને જરા નવાઇ લાગી. તેમણે મને વાત કરી જોઇ. તેથી મને પણ નવાઇ લાગી. એક દિવસ રાતે અમે મઠમાં ફરતા હતા તે વખતે તે ભાઇઓ આવી પહોંચ્યા. મારે મૌન હોવાથી મેં તેમને સવારે આવવાની સૂચના કરી ને તેમના આગ્રહને માન આપીને બીજે દિવસે તેમને ત્યાં ભોજન કરવા જવાનું કબૂલ કર્યું.

સવારે તે ભાઇઓ આવી પહોંચ્યા. થોડીક વાતો કરીને અમે તેમના બાજુમાં આવેલા મકાનમાં ગયા. તેમણે અમને ભાવપૂર્વક ભોજન કરાવ્યું. ભોજન કરીને તેમની વિદાય લેવાની મેં તૈયારી કરી, ત્યાં જ એક ડોશીમા આવી પહોંચ્યાં. તેમના હાથમાં એક પાણીની વાટકી હતી. વાટકી મારી સામે ધરીને તે મારો રસ્તો રોકીને ઊભાં રહ્યાં ને તૂટીફૂટી ભાષામાં કાંઇક બોલવા માંડ્યાં. પેલા ભાઇએ મને તેમનો પરિચય આપતાં કહ્યું કે ડોશીમા તેમના માતા હતાં. કેટલાય વખતથી તે બિમાર ને પથારીવશ હતાં. લાંબા વખતથી દાકતરોની દવા ચાલતી. પણ તેમને કોઇ આરામ થતો ન હતો. બિમાર વ્યક્તિને વધારે ભાગે સંતસાધુના આશીર્વાદની ઇચ્છા હોય જ છે. તેમાંય વળી કોઇ વિશેષ ભાવિક ને શ્રદ્ધાળું વ્યક્તિને તેની વિશેષ ઇચ્છા હોય છે.

ડોશીમા પણ મારા આશીર્વાદની ઇચ્છાથી મારી આગળ ઊભાં રહ્યાં. તેમના હાથની વાટકીને હું સ્પર્શ કરું ને તેનું પાણી તે પી જાય તો તેમની બિમારી દૂર થઇ જાય એવી તેમની ભાવના હતી. દરેક વ્યક્તિને પોતાની પસંદગી પ્રમાણેની ભાવના સેવવાનો અધિકાર છે. તેમાંથી તેને કોઇ વંચિત કરી શકે તેમ નથી. પરંતુ મારા તરફથી મારે મારી યોગ્યયોગ્યતાનો વિચાર તો કરવો જોઇએ ને? મારામાં કોઇ ખાસ યોગ્યતા ન હતી, તેમ જ કોઇ કરામત પણ ન હતી. તે દશામાં ડોશીમાની ઇચ્છાનો અમલ કરવાનું કામ સારું ના જ ગણાય. એટલે મેં તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો.

પરંતુ તે તો પોતાની હઠને વળગી જ રહ્યાં. પેલા ભાઇને મેં તેમને સમજાવી જોવા વિનંતી કરી. પણ તે ભાઇ માતાના પક્ષના જ નીકળ્યા! તેમણે મને ડોશીમાની ભાવના પૂરી કરી તેમને સંતોષ આપવાની પ્રાર્થના કરી.

મેં કહ્યું : ‘મને આવી વાતોમાં શ્રદ્ધા જરૂર છે. પણ આજે તો તેનો વેપાર ચાલ્યો છે ને તે રોજની થઇ પડી છે. સ્વાર્થી હેતુથી પ્રેરાયેલા કેટલાય લેભાગુ અને અધકચરા સાધુઓ આવી પદ્ધતિનો આધાર લઇને લોકોને ઠગી રહ્યા છે. છતાં તમે શિક્ષિત થઇને આવી વાતને પસંદ કરો છો ને ઉત્સાહ આપો છો એ આશ્ચર્યજનક છે. સાચા સંતોના આશીર્વાદ સર્વ કાંઇ કરી શકે છે એમાં મને શંકા નથી. પણ હું તો હજી શરૂઆતનો સાધક છું. મારી ક્ષુદ્રતાનો મને ખ્યાલ છે. માટે એક વાર ફરી ડોશીમાને સમજાવી જુઓ તો સારું. મને આનંદ થશે.’

પણ ડોશીમા પોતાના નિર્ણયમાં દૃઢ હતાં. એટલે નાછુટકે મારે તેમની વાટકીને હાથ લગાડવો પડ્યો. જતી વખતે મેં કહ્યું : ‘જોજો, મને કોઇ જાતનો દોષ દેતાં નહીં. તમારી



ભાવનાને માન આપીને જ મેં વાટકીને હાથ લગાડ્યો છે. મેં તો તમારી ઇચ્છા પ્રમાણે કેવળ અભિનય કરી બતાવ્યો છે. હા, તમને આરામ થાય તે માટે મેં પ્રભુને પ્રાર્થના જરૂર કરી છે. તેને સાંભળવાનું કામ તેનું છે.’

અભય મઠમાં પાછા આવીને મેં ચંપકભાઇને કહ્યું : ‘હવે આપણે ઋષિકેશ જઇએ તે સારું છે. અહીં વધારે રહેવું સારું નથી. પરિચયો ધીરે ધીરે વધવા માંડતાં માણસો વધારે ને વધારે પ્રમાણમાં ભેગા થશે અને આપણી એકાંત સાધના–ભજનમાં ભંગ પડશે. માટે પહેલેથી ચેતી જઇએ તે સારું છે. ઇચ્છા હોય તો તમે અહીં થોડા દિવસ ભલે રહો. પણ હું તો આજે જ વિદાય થઇશ.’

ચંપકભાઇ મારી સાથે સંમત થયા, એટલે મેં તે જ દિવસે સાંજે દહેરાદુન છોડ્યું. તે થોડા દિવસ રોકાઇને ફરી ઋષિકેશ આવ્યા ત્યારે કહેવાં લાગ્યા : ‘તમારા ગયા પછી પેલા ભાઇઓ મઠમાં આવ્યા હતા. ડોશીમાનું સ્વાસ્થ્ય પાણી પીધું તે દિવસથી સુધરવા માંડેલું. તેથી તેમની શ્રદ્ધા વધી હતી. તે તમારું ઋષિકેશનું સરનામું પૂછતાં હતા. પણ તમે ના કહી હોવાથી મેં તેમને સરનામું ના આપ્યું. બીજા પણ કેટલાંક ભાઇઓ દર્શન કરવા આવેલા.’

મેં કહ્યું : ‘પ્રભુની ઇચ્છા એવી હશે એટલે ડોશીમાને આરામ થવા માંડ્યો. બાકી માણસમાં શી શક્તિ છે? આ તો કાગને બેસવું ને ડાળને પડવા જેવું થયું છે. એમાં આપણે આનંદ માનવાનો કે ગૌરવ લેવાનો પ્રશ્ન જ ના હોય.’ આપણા શુભ સંકલ્પને પૂર્ણ પ્રભુ જ કરે છે એટલે સાચો યશ એને ફાળે જાય.

# અવકાશનો આનંદ

—આચાર્ય કલ્યાણ બોધિસૂરિ

ઘરની સજાવટ માટે કોઈ સારાં ઈન્ટીરીયર ડેકોરેટરની એડવાઈસ લેવા જશો, તો કદાચ એનો જવાબ આ હશે 'ઘરમાં જેટલી સ્પેસ હશે, એટલું ઘર વધુ સારું લાગશે.' એક સારા ગ્રાફિક ડિઝાઈનર કે પેઈન્ટરને પૂછશો, તો એ ય તમને સ્પેસનું મૂલ્ય સમજાવી શકશે. યોગ્ય અવકાશ ન હોય, તો સંગીત ઘોંઘાટ બની જાય, એ વસ્તુ એક સારો મ્યુઝિશિયન સમજાવી શકશે.

બસ, જોં આટલી વાતને તમે સમજી શકો, તો આગળની વાત સમજવી મુશ્કેલ નથી. બાહ્ય વિશ્વમાં અવકાશનું જેટલું મૂલ્ય છે, એનાં કરતાં અનેકગણું મૂલ્ય આંતર વિશ્વમાં છે. જીવનનો ખરો આનંદ કોઈ વસ્તુ, વ્યક્તિ કે ઘટનાથી નથી મળતો, અવકાશથી મળે છે. પણ કમનસીબી એ છે કે સામાન્ય માણસ એના આખા જીવનમાં અવકાશને માણતો નથી, એને માણવાનો વિચાર સુદ્ધા કરતો નથી. ખરેખર એ એના ગજાની બહારની વસ્તુ હોય છે. એને કોઈ મળશે, તો એ વાતો ચાલુ કરી દેશે, ઘરે જશે તો ટી.વી. ઓન કરી દેશે, પ્રવાસ કરશે તો મોબાઈલમાં પરોવાઈ જશે, કશું નહીં હોય, તો વિચારો શરૂ કરી દેશે.

એક પ્રશ્ન કરું? તમે કદી કોઈ એવા માણસને જોયો છે, કે જે ખુરશીમાં ટેકો દીધા વગર બેઠો હોય? (ખુરશીમાં ટેકો દેવાની સગવડ હોવા છતાંય) લગભગ તમારો જવાબ 'ના'માં હશે. ક્યારેક આપણને એવો માણસ દેખાશે, તો આપણને જ પ્રશ્ન થશે, કે એ 'ટેકા'ને કેમ ગુમાવે છે? ખરો સવાલ ખુરશીનો નથી જીવનનો છે. આપણે કેટકેટલા ટેકાઓને ટેકે ટેકે જીવીએ છીએ, એનો સરવાળો કરીએ તો જ આપણને આપણી અપંગ દશાનો ખ્યાલ આવે. આપણને ઢળવાની ટેવ પડી ગઈ છે. ખરેખર જેની કોઈ જ જરૂર નથી એ ટેકો પણ આપણા માટે જરૂરી બની ગયો છે. માટે જ જીવનના ખરા આનંદને આપણે માણી શકતા નથી.



સૃષ્ટિનું એક શાશ્વત સત્ય એ છે, કે જ્યાં અવલંબન છે, ત્યાં અવકાશ નથી અને જ્યાં અવકાશ નથી, ત્યાં આનંદ નથી. આખા કેન્વાસને આકૃતિઓથી ભરી દેનારા પેઈન્ટર મૂર્ખ ગણાય છે. તેમ જીવનનિર્વાહ માટે જરૂરી પ્રવૃત્તિ કર્યા બાદ શેષ બચેલી બહુમૂલ્ય ક્ષણોને ટી.વી, મોબાઈલ, વાતો, દોડ—ધામો કે વ્યર્થ વિચારોથી ભરી દેનાર વ્યક્તિ પણ જ્ઞાનીઓની દૃષ્ટિમાં 'મૂર્ખ'થી વિશેષ કશું જ નથી.

સાચું સુખ ભરવામાં નથી, પણ ખાલી થવામાં છે, ખાલી કરવામાં છે, જ્ઞાનસારમાં કહ્યું છે—**अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते ।** ખરી પૂર્ણતાનું મૂલ્ય છે શૂન્યત્વ. જીવન જીવવા માટે ખરેખર જેની કોઈ જરૂર નથી, એવી માલમિલકતોની ભરમારોને જીવનમાંથી વિદાય આપી દો, જેમનો હિસાબ રાખવોય શક્ય ન બને, એવાં વસ્ત્રો ને પગરખાઓના ખડકલાઓને રજા આપી દો, ટી.વી., મોબાઈલ ને 'નેટ'ની ગુલામીમાંથી બહાર આવો, વ્યર્થ વાતો ને વિચારોના વમળોથી મુક્ત થાઓ. હવે જે શેષ છે, તે અવકાશ છે આનંદનું આકાશ. જેમાં તમે છો. માત્ર તમે. અવરોધો બધા જ જતા રહ્યા છે અને તમે મુક્ત—ઉડ્ડયન કરી રહ્યાં છો.

મારી આ વાત અશક્ય કે હાસ્યાસ્પદ લાગે, તો એને વર્ષો જૂની (કે જન્મો જુની) ટેવનો પ્રભાવ સમજજો. પણ આ વાતનો અનુભવ કરશો, એટલે તમે મારા પક્ષે હશો.

# સાધકો સાથે પૂ.માની નાયગ્રા યાત્રા(૧)

**–પૂ.મા શ્રી સર્વેશ્વરી**

### નોર્થબર્ગનથી નાયગ્રા–પાછા નોર્થબર્ગન
### (૧૨/૦૭/૧૧ થી ૧૬/૦૭/૧૧ નોંધનું વેકેશન)

હા, પાંચ–પાંચ દિવસ આ નોંધમાં વેકેશન હતું. શું સમય જ ના મળ્યો? એ પણ એક કારણ તો છે, પણ ઇચ્છા પણ ના થઇ. વિશેષ કંઇ નોંધવાનું ન હતું.

આકરા ઉનાળાની મોજમાં ગુજરાતમાં જે જપ થયા ન હતા, તે બધા જ મંત્રજપનું દેવું યુરોયાત્રામાં પૂર્ણ થયું, તેનો આનંદ છે.

શ્રી હરિએ જાણે યુરોપયાત્રા એથી જ ગોઠવી હશે. દરરોજ પ્રણામ થાય છે, દરરોજ મંત્ર–જપ થાય છે.

તા.૧૬મી બપોરે ૨ થી ૭ સત્સંગ હતો. ગુરુપૂર્ણિમા નિમિત્તે સત્સંગ હતો. ઘણાં ભાઇબેનોએ પૂ.શ્રીના ચરણે ભેટ મૂકી હતી. માએ તે સૌને પાછી આપી છે.

માએ ઘણી યાત્રામાં પણ ઘણાં પાત્રોને શ્રી લક્ષ્મીનો પ્રસાદ સામેથી આપ્યો છે.

કલ હો ના હો, જ્યાં જ્યાં, જે જે, યોગ્ય લાગે તે તે કરવાનું છે. સર્વ દિશાએથી આદર્શ પાળવાનો યથાશક્તિ પ્રયત્ન છે.

ખાસ કરીને યજમાનને પણ ભારરૂપ ના થવાય તેની કાળજી શ્રી હરિ મા પાસે રખાવે છે. સઘળું શ્રી હરિ જ ઉપાડીને સૌને હળવા રાખે છે. પૂ.શ્રી તો યજમાન પાસે એક પોસ્ટકાર્ડ મંગાવતા તો તેની રકમ પણ ચૂકવી દેતા. આ વાત કાયમ યાદ



રાખીને મા પણ યજમાનને દરેક રીતે રકમ ચૂકતે કરીને વધારે પણ શ્રી લક્ષ્મીનો પ્રસાદ ધરતા રહે છે.

યજમાનને આર્થિક રીતે ક્યાંય પણ મા ભારરૂપ ના બને તેની સર્વ સંભાળ શ્રી હરિ લઇ રહ્યા છે. પછી તે ફોનનું બીલ હોય, પ્લેનની ટિકિટ હોય કે પછી ગુરુપૂર્ણિમાએ બાળકો માટે મંગાવેલી ચોકલેટ હોય, બધાની રકમ મા ચૂકવતાં રહે છે.

આવતી કાલે હરિ દરબારે હાજર થવાનું છે. પ્રશ્નો પૂછાશે તેના જવાબ ઉન્નત મસ્તકે આપવાના છે. એટલે સર્વ રીતે આદર્શ, પ્રેરક વર્તન અને વ્યવહારશુદ્ધિનું આચરણ ઉત્તમ રાખવાના મા પ્રયત્ન કરી રહ્યાં છે.

તા.૧૬મીએ સવારે અચાનક નાયગ્રા જવાની ઇચ્છા થઇ. દેવાંગ, પ્રતીકના પરિવારને વિશેષ લાભ મળે એજ હેતુથી એ યાત્રાનો વિચાર આવ્યો.

ભાઇ દેવાંગને એ કાર્ય સોંપાયું. શનિવાર છે છતાં તપાસ કરો. એક વેન મળે તો જવાશે. પ્રભુની ઇચ્છા હશે તો જવાશે.

પરિણામે બે કલાકની સતત વિવિધ કંપનીને ફોન કરવાની મથામણને અંતે એક સાધન મળી ગયું.

એટલે આવતી કાલે સવારે એ યાત્રા થશે.

ભાઇ દેવાંગ, પ્રતીક, ઉપરાંત ક્ષીપ્રા, પ્રશાંત, જોલીને પણ લાભ મળશે.

યુવામંડળી માને આવતીકાલે યાત્રા કરાવશે. કે શ્રીહરિ સૌને યાત્રા કરાવશે એ તો સમય જ કહેશે.

સવારે છ વાગે પ્રસ્થાન ને રાતે પાછું આવી જવું એવું નક્કી થયું.

માર્ગમાં સત્સંગ થશે, સૌને સંનિધિ સુખ મળશે. એવી માની ગણત્રી છે.

એ યાત્રામાં ૩ નાના—નાના બાળકો પણ છે.

શ્રી હરિ જ્યાં, જ્યારે, જે દિશાની પ્રેરણા કરે ત્યાં ત્યાં જવાનું. તે—તે કરવાનું છે. માને એનો કોઇ ભાર નથી. હે મારા નાથ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**તા.૧૭/૦૭/૧૧**

શ્રી ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વે ૯૨ સંદેશા વિવિધ દેશના ભક્તો તરફથી આવ્યા. માએ તે જાતે જ સાંભળ્યા.

ભક્ત અને મા વચ્ચે હવે સીધો જ સંપર્ક સંદેશા દ્વારા.

શ્રી હરિ હજાર મુખે માને વધાવી રહ્યા છે. પ્રણામના અને આશીર્વાદ માંગતા આટલા બધા સંદેશાઓ મા શાંતિથી સાંભળી લે છે.

છતાં તેમાંથી કદાચ બે—ત્રણને જ સામેથી ફોન થઇ શક્યા જરૂરી હોય તેટલા ને તેવા ફોન થતા રહે છે, તે પણ ખૂબ ઓછા.

આજે પ્રસ્થાન છે. પ્રેમી સ્વજનોને થોડાં કલાક પાંખમાં રાખીને પંપાળવાનો, વધાવવાનો, સત્સંગની મોજ ધરવાનો, કે માના જીવનને કલાકો સુધી છેક નજીકથી ઉઘાડી આંખે જોવાનો આ કાર્યક્રમ શ્રી હરિએ ગોઠવ્યો લાગે છે!

જે હેતુ હશે તે પણ યુવા મંડળી સાથે મા હશે. બધાં જ પાત્રો યુવાનીથી તરવરતા, શ્રદ્ધા ભક્તિથી છલકાતાં, બૌદ્ધિ પ્રતિભાથી ઝગમગતા, પ્રેમથી મલકાતાં, જીજ્ઞાસાથી ઉભરાતાં,



હોય એવાં છે. એટલે માને પણ આ એક સાત્વિક આનંદના હરતા—ફરતા મેળામાં જપ કરવાની મઝા આવશે એવું લાગે છે.

શ્રી વિનોદભાઇના માર્ગદર્શન નીચે વેનમાં માની સીટ ઉપર ગાદી, ઓશિકાં ગોઠવાઇ ગયાં. શ્રી વિનોદભાઇના શ્રદ્ધા ભક્તિ ભર્યા હૈયે આ યુવા મંડળીને યોગ્ય સૂચના અપાઇ ગઇ.

યુવામંડળી પણ એમના આ વિનોદકાકાનાં બધાંજ સૂચનોને આજ્ઞાંકિત બનીને વધાવી રહી છે.

વરદ હસ્તની પ્રાર્થના તથા પાંચ પ્રણામ પછી ૩ નાના બાળકો સાથે યુવામંડળી પણ ગોઠવાઇ ગઇ.

પ્રારંભે જ બે બાવની, ત્રણ પ્રાર્થના પણ થઇ ગઇ. વચ્ચે વચ્ચે પુસ્તકમાંથી સાર સમજાય તેવાં કેટલાક પેરેગ્રાફ પણ દેવાંગ વાંચી સંભળાવે છે. પાછું તેનું અંગ્રેજીમાં પણ ભાષાંતર થતું રહે છે.

શ્રી વિનોદભાઇની સૂચના પ્રમાણે ગાડી ધીમી જ જતી હતી.

માએ ઇશારો કરી કહ્યું ટ્રાફિક નથી તો જરા ઝડપ વધારી શકાય. અને ગાડી તો સરસ રીતે જાણે યુવાની પામીને ઉડવા માંડી. એક કલાક, બે કલાક ત્રણ કલાક, અરે! ચાર—ચાર કલાક મસ્તીથી ગાડી દોડતી રહી.

ગાડીમાં 'શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારી'ની સીડી વાગતી રહી. પૂ.શ્રીનું પ્રવચન પણ ગુરુતત્ત્વ ઉપર સૌએ સાંભળ્યું.

અને અચાનક ગાડીમાંથી જાણે એન્જીન છૂટું પડતું હોય તેવો ખ—ર—ર—ર અવાજ આવ્યો ને ગાડી આખી જાણે અંતિમ

શ્વાસ લેતી હોય તેમ આંચકા ખાવા લાગી. તરત જ ભાઈ પિનાકીને ગાડી બંધ કરી દીધી.

સૌને ટાયર બળવાની ગંધ આવી. ખ્યાલ આવી ગયો કે ગાડીનું ટાયર પાછલા વ્હીલનું ટાયર ફાટીને, ઘસાઈને, ધૂમાડા કાઢતું દૂર—દૂર ફેંકાઇ ગયું છે.

તરતજ યુવામંડળી કૂદકા મારીને ઉતરી ગઇ.

આ મંડળી શાંતિથી, મસ્તીથી સ્થિર બની યાત્રાની મોજ માણી રહી હતી, તે હવે એકદમ કાર્યરત થઇ ગઇ.

શાંતિથી જીવતા હતાં ને જાણે સરહદ ઉપર આક્રમણ થયું. સૌ જાગી ગયાં.

અરે! પેલાં નાનકડાં ત્રણ બાળકો પણ પોતાની સીટ ઉપરથી જીજ્ઞાસા સાથે જોતાં રહ્યાં કે થયું છે શું?

યુવામંડળી હાઈવે ઉપર હાંફળી ફાંફળી બનીને આમ તેમ દોડી રહી છે.

પ્રશાંત વળી ઉતરીને તરતજ ડીકીમાંથી કેસરી રંગના પ્લાસ્ટીકના ત્રિશંકુ ગાડીની પાછળ ગોઠવવા ઉત્સુક છે.

દેવાંગ વળી ૯૧૧ ઈમરજન્સીનો ફોન લગાડી રહ્યો છે.

પિનાકિન વળી ડ્રાઈવર બાજુનો દરવાજો ઉઘાડ—બંધ કરીને એન્જીન ને વ્હીલના કામમાં જોડાઇ ગયો છે.

મા હસતાં—હસતાં હાથથી ઈશારો કરી રહ્યાં છે. શાંતિ— શાંતિ. આપણે ક્યાં ઉતાવળ છે? આપણી ક્યાં કોઈ રાહ જુએ છે?

(ક્રમશઃ)



# પૂ.બજરંગદાસ બાપુ—એક અનોખા અલગારી સંત

—સંકલન : નિર્ભયરામ વૈષ્ણવ

પ.પૂ.શ્રી બજરંગદાસ બાપા વિષે લોકો થોડું ઘણું જાણતા હોય—અથવા તેમનું નામ સાંભળ્યું હોય. એમને લોકો મઢૂલીવાળા સંત પણ કહે છે કારણ કે ભારતનાં ઘણાં તીર્થોમાં તેમની મઢૂલી ભક્તોએ બનાવી છે ને ત્યાં અન્નક્ષેત્રો પણ ચાલે છે.

આજે આપણે વિજ્ઞાનયુગમાં જીવીએ છીએ. એટલે આ પેઢીનાં બાળકો પ્રત્યક્ષ અનુભૂતિમાં માને એ સ્વાભાવિક છે. સારું પણ છે. છતાં જ્યાં વિજ્ઞાનની મર્યાદા પૂરી થાય છે, તર્ક જ્યાં વિરામ પામે છે, ત્યાંથી શ્રદ્ધાની સરહદ શરૂ થાય છે. એટલે સાચા સંત કે ભગવાનના સામર્થ્ય વિષે શંકા ધરાવતા— યુવાન સત્ય અન્વેષ્ટી સાધકને અમારી ભલામણ છે કે ભલે તમે ભગવાનના અસ્તિત્વમાં ના માનતા હો, કિન્તુ તમે ખુલ્લા મને પૂ.બાપાની તપોભૂમિ—બગદાણાની એકવાર મુલાકાતે આવો. ખાસ કરી પૂ.બાપાની પુણ્યતિથિના પ્રસંગે. અહીં તે દિવસે દોઢ બે લાખ માણસો બાપાના દર્શને શ્રદ્ધા ભક્તિથી આવે છે. બધાં જ પ્રસાદ એટલે ભોજન પામે છે. ભોજન માટે કોઈ પૈસા લેવાતા નથી.

બાપાની તો કોઈ પેઢી કે ફેકટરી નથી. જ્યાંથી આ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે. છતાં આ લાખ્ખો માણસો જમે છે, તેની સામગ્રી કોણ મોકલે છે, તેનો પ્રબંધ શી રીતે થાય છે,

તે એક ભગવાન જ જાણે છે એવું જ પૂ.જલારામ બાપાના વીરપુર(રાજકોટ પાસે)ના તીર્થ સ્થાનમાં મફત અન્નક્ષેત્રનો પ્રબંધ ઘણાં વર્ષોથી ચાલે છે. ત્યાં તો હવે દાનના સ્વીકારની પણ બંધી છે. આ બધામાં તર્ક કે બુદ્ધિ કામ ના કરે એ સ્વાભાવિક છે. એટલે કોઇ અદૃષ્ટ શક્તિ આ કરી રહી છે એનો સ્વીકાર કર્યા વિના ચાલે જ નહીં. એને જ એક અભણ કે શ્રદ્ધાળુ માણસ ભગવાનનું કે સંતના સામર્થ્યનું કાર્ય લેખે છે.

અહીં રજુ કરેલ પ્રસંગ લેખકના પૂ.બાપા બજરંગદાસજીમાંથી લીધેલ છે.

—તંત્રી

તા.૦૯/૧૨/૧૯૮૦ના રોજ ગુજરાત વિસ્તારના સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના ગામ રામનગર—દૂધલીમાં આવેલ હનુમાન ટેકરી મંદિરના મહંત શ્રી સીતારામ બાપુ તેમના પાંચ સેવકોને લઇને પગપાળા બગદાણા બાપાના આશ્રમે દર્શન કરવા નીકળેલા. પ્રવાસનો ૨૦મો દિવસ એટલે તા.૨૮/ ૧૨/૧૯૮૦ના રોજ મોણપુર ગામ જે કાનપર ગામથી થોડે દૂર આવેલું છે ત્યાં પહોંચ્યા.

ગમે તે કારણ હોય પણ સીતારામ બાપુના પગ જકડાઇ ગયા. એક ડગલુ ચાલવાની પણ શક્તિ રહી નહીં. આથી અકડાયેલ પગે રસ્તાની એક બાજુ તેમને સુવડાવી દીધા.

લગભગ એકાદ કલાક આ જ સ્થિતિમાં તેઓ લાકડું થઇને પડેલા હતા. ત્યારે જ તેમના કાનમાં કોઇ અજબનો અવાજ સંભળાયો : ‘‘આજની રાત કાનપરમાં ગોવિંદ પટેલના ઘેર રોકાઇ જજો.’’

કોઇને ખબર પણ નહીં કે કાનપર ગામ ક્યાં આવ્યું છે.



શરીરમાં થોડીક ચેતના જણાઇ એટલે સીતારામ બાપુ જાતે જ બેઠા થઇ ગયા. હજી સેવકોને પોતાને સંભળાયેલ અવાજનો સંદેશો કહેવા જાય છે ત્યાં જ એક સાત વર્ષની વય ધરાવતો બાળક નજીકના ખેતરેથી આ સીતારામ બાપુ પાસે આવી પહોંચ્યો. બાપુને તેણે પૂછ્યું : ‘‘તમે આ કાનપર ગામની હદમાં શું કામ બેસી ગયા છો?’’

સેવકોએ જવાબ આપ્યો : ‘‘આ અમારા સીતારામ બાપુના અચાનક અહીં જ પગ જકડાઇ ગયા અને ચાલી શકે તેમ નહીં હોવાથી અહીં બેસી જવું પડ્યું છે.’’

બાળકે સીતારામ બાપુ પાસે આવી કહ્યું : ‘‘ક્યો પગ દુઃખે છે?’’ બાપુએ દુઃખતો જમણો પગ હાથથી બતાવ્યો. બાળકે નિર્દોષ ભાવે હસતાં હસતાં કહ્યું : ‘‘આ જમણો પગ કહેવાય ને?’’ એમ બોલી બાપુના પગે હાથ ફેરવ્યો. હવે તો જુઓને ચાલી શકાય તેવું લાગે છે. આટલી વાત થતાં ખરેખર બાપુના પગે ઘણી રાહત થઇ ગઇ હોય તેવું અનુભવ્યું.

બાળક તો કૂદતો—કૂદતો ખેતર ભણી ચાલ્યો ગયો. બાપુ સેવકો સાથે ચાલીને ગામમાં આવ્યા. ગોવિંદ પટેલના ઘેર પહોંચ્યા. સંતના દર્શન થાય એટલે ગોવિંદ પટેલ સેવાનો લાભ લેવાનું ન ચૂકે. જે ઓરડામાં બાપાનો ફોટો નાનકડા મંદિરમાં પધરાવ્યો છે તેની સમક્ષ જ સંતને ગાદલું નાખી દઇ વિશ્રામ કરવા કહ્યું. સેવકો સાથે સૌને ભોજન કરાવ્યું. આખો દિવસ આરામ થયો. રાત્રે ગોવિંદ ભગતે બાપુ સાથે થોડો સંત્સંગ કર્યો. વાળુપાણી પતાવી રામધૂન લઇ ભગત પોતાના સ્થાને ઓંસરીમાં આરામ માટે ગયા. સેવકો સાથે સીતારામ બાપુ બજરંગદાસ બાપાના ફોટા સામે જ પથારીમાં રાત્રિનો આરામ લેવા લાગ્યા.

રાતના લગભગ ત્રણેક વાગ્યા હશે ત્યારે સીતારામ બાપુના કાને, બાપાની ગાદીએથી અવાજ સંભળાયો : ''સીતારામ હજી જાગો છો?'' સીતારામ બાપુએ હા પાડી. અવાજ દ્વારા ફરી પૂછાયું હવે શી ઇચ્છા છે, બાળકે હાથ ફેરવ્યો તે મારો હતો, દુ:ખાવો તો મટ્યો જ હશે.

સીતારામ બાપુએ બજરંગદાસ બાપાના ફોટા સામે જોઇ કહ્યું : ''બાપા! તમારા સદેહે દર્શન કરવા નીકળ્યો છું. આટલી આશા પૂર્ણ થાય એટલે બસ.''

વળી ગાદીએથી જવાબ મળ્યો : ''પાલિતાણામાં જ દર્શન થઇ જશે. પછી આવી જજો બગદાણા!'' આટલું સાંભળતાં જ સીતારામ બાપુની તંદ્રાતૂટી અને બાપાના ફોટા સામું જોઇ ધન્યતા અનુભવી.

સવારે ઊઠી ગોવિંદ ભગતની રજા લીધી. સંપૂર્ણ સાજા થઇ ગયેલા સીતારામ બાપુ સેવકો સાથે તા.૩૧/૧૨/૧૯૮૦ના રોજ પાલિતાણા પહોંચ્યા. સીતારામ બાપુને પૂજ્ય દયારામ બાપા સાથે સારી ઓળખાણ હતી એટલે એક સેવકને ખબર આપવા ગારિયાધાર રવાના કર્યો. દયારામ બાપા ત્યારે ગારિયાધારમાં બિરાજેલા હતા.

પાલિતાણામાં પટેલ ધર્મશાળામાં ઉતારો કર્યો હતો. રાતના ૧૨ વાગ્યે જે રૂમમાં સીતારામ બાપુ સૂતા હતા તેનું બારણું ખખડ્યું. બાપાએ બારણું ખોલ્યું તો સામે બજરંગદાસ બાપા જ ઊભા હતા. આનંદમગ્ન સીતારામ બાપુ રૂમ બહાર પગ મૂકે ત્યાં તો મૂર્તિ અલોપ થઇ ગઇ! સીતારામ બાપુને કાનપરનો સંદેશો કૃતાર્થ કરી ગયો.

સવારે દયારામ બાપા મળવા પટેલ ધર્મશાળાએ આવી



ગયા. બન્નેએ સત્સંગ કર્યો. રાત્રે બાપાના દર્શનની વાત કરી તેથી દયારામબાપા પણ કહે : ''આ તો આપણાં ધર્મની ધજા રૂપ સંત છે. સાચા ભાવિકની મનોકામના તે પૂર્ણ કરતા રહે છે.'' ચા–પાણી પી દયારામ બાપા ગારિયાધાર જવા નીકળ્યા અને સીતારામ બાપુ બગદાણા જવા રવાના થયા. તા.૦૨/૦૧/૧૯૮૧ના રોજ ઠળિયા મુકામે રાત્રિવાસ કરી, બીજા દિવસે બગદાણા પહોંચ્યા. બાપાએ મોટર લઇ પ્રવિણભાઇને સામે મોકલ્યા પણ પગપાળા જવાનું હોવાથી મોટર પાછી આવી ગઇ. આરતી ટાણે જ બન્ને સંતોનું અનોખું મિલન થયું.

★ પરમાત્માની વિશેષ કૃપા થાય ત્યારે માનવ શરીર મળે. જેને તેને અને જ્યારે ત્યારે મળતું નથી. સદ્‌ભાગ્યથી પ્રાપ્ત થાય છે. પરમાત્માની વિશેષ કૃપા કે કરુણાથી પ્રાપ્ત થાય છે.

મનુષ્યરૂપી પાસપોર્ટ હોય તો દેવના પ્રદેશમાં જઇ શકાય. પરંતુ પ્રભુના પ્રદેશમાં જવું હોય તો દેવનો પાસપોર્ટ ના ચાલે.

★ કામ કરો. કામના ના રાખો.

★ કર્તવ્ય કરતાં કરતાં મન પ્રભુને સમર્પે તે સિદ્ધ થાય.

★ અજ્ઞાન રૂપી અંધકારને મન અને બુદ્ધિમાંથી કાઢવાનો છે.

★ શ્રદ્ધા ભક્તિનો પ્રાણ છે.

# યૌગિક કાર્યો

—જ્યોતિબ્હેન થાનકી

સામાન્ય રીતે આપણે એવું માનીએ છીએ કે આપણે પૂજા—પાઠ, ભજન—કીર્તન. જે કંઇ કરીએ છીએ તે ધાર્મિક કાર્યો એ યૌગીક કાર્યો છે, આપણી એ માન્યતા સાચી નથી. આપણે ધાર્મિક કાર્યો અને વ્યવહારિક કાર્યોને પણ અલગ માનીએ છીએ. સવાર—સાંજ પૂજા પાઠ, સંધ્યા, હોમ, હવન, ભજન કીર્તન, ધૂપ દીપ વગેરે જે કંઇ કરીએ છીએ તે ધાર્મિક કાર્યો છે. અને પછી નોકરી ધંધો. વ્યાપાર, ઘરકામ, વગેરે જે કાર્યો કરીએ છીએ તે વ્યવહારિક કાર્યો છે. ધાર્મિક કાર્યો ધર્મ પ્રમાણે અને વ્યવહારિક કાર્યો વ્યવહારના નિયમો પ્રમાણે કરતા હોઇએ છીએ. જાણે બનેનું ક્ષેત્ર અલગ છે. એમ માનીને કાર્યો કરવામાં આવતાં હોય છે. જ્યારે યૌગિક કાર્યો પ્રભુની સાથેના અનુસંધાન માટે જ કરવામાં આવતાં હોય છે એની પાછળ કોઇ દુન્યવી હેતુ હોતો નથી.

ધાર્મિક કાર્યોની પાછળ જુદા જુદા હેતુઓ હોય છે. યજ્ઞ યાગ, કર્મકાંડ, વગેરેની પાછળ મોક્ષ, સંતાન પ્રાપ્તિ સંપત્તિની પ્રાપ્તિ, પિતૃઓની સદ્‌ગતિ, પરિવારની સુખાકારી, વગેરે અનેક હેતુઓ હોય છે. જ્યારે યૌગિક કાર્યો તો પરમાત્માને અર્પણરૂપે એમની પ્રાપ્તિ અર્થે થતાં કાર્યો છે. એ કોઇ વિશિષ્ટ કાર્યો નથી.

યોગ અને આધ્યાત્મિકતા એ મનુષ્યના આંતરજીવન સાથે સંકળાયેલા હોઇ તેમાં બાહ્ય આચાર કે વિધિઓને સ્થાન હોતું નથી. એમાં તો અંતરમાં રહેલા પરમાત્માની સાથે એકરૂપ થવાને માટેનાં સઘળાં કાર્યો છે. મંદિરમાં જઇને કદી પણ મૂર્તિને



મસ્તક ન નમાવનારો મનુષ્ય આંતરિક રીતે ભગવાન સાથે એકરૂપ હોઇ શકે. કદી નિયમિત પૂજા પાઠ ન કરનાર મનુષ્ય દિવ્ય ચેતનાનો વાહક બની શકે. આધ્યાત્મિકતા અને યોગ એ આત્માની સાથે સીધી સંકળાયેલી ચેતનાની સ્થિતિ છે. એ સ્થિતિમાં રહીને કરાતાં તમામ કાર્યો એ યૌગિક કાર્યો જ છે.

**આધ્યાત્મિક કાર્યોની વિશિષ્ટતા :—**

આધ્યાત્મિક કાર્યોની વિશિષ્ટતા એની પાછળ રહેલા વલણને લઇને જ છે. બાકી આધ્યાત્મિક કાર્યો કંઇ અલગ પ્રકારનાં હોતાં નથી. શ્રીઅરવિન્દ કહે છે; ''કર્મનું ધાર્મિક રૂપ કે આધ્યાત્મિક રૂપ અગત્યનું નથી, પણ આંતરિક વલણ અગત્યનું છે. કર્મનું બાહ્ય રૂપ કે ક્રિયા નહીં પણ એની પાછળ રહેલી ચેતના અને શુભસંકલ્પ એ કર્મયોગનો સાર છે. આ કર્મ એ કર્મના સ્વામી સાથે એકતા સાધવાનું તેમજ અજ્ઞાનના સંકલ્પ અને શક્તિમાંથી શુદ્ધ સંકલ્પ અને પ્રકાશની શક્તિમાં પહોંચવાનું સાધન છે.'' એટલે કે બહારથી દેખાતું કર્મ તેની પાછળ રહેલી ભાવનાને લઇને સામાન્ય કે આધ્યાત્મિક બને છે. આ સંદર્ભમાં પણ શ્રી અરવિન્દે કહ્યું હતું કે, ''યોગ માટે તમે કયું કાર્ય કરો છો કેટલું બધું કરો છો, એ મહત્ત્વનું નથી, પણ કઇ રીતે અને કઇ ચેતનાથી કરો છો, એ મહત્ત્વનું છે.'' તેઓએ આગળ એમ પણ કહ્યું હતું કે, ''દેખીતી રીતે નકામાં લાગતાં કાર્યો પણ જો સાચી ચેતનામાંથી કરવામાં આવે તો તે ઘણાં ઉપયોગી બની શકે છે.'' આમ સામાન્ય કાર્યો અને આધ્યાત્મિક કાર્યો વચ્ચેનો ભેદ ચેતનાના તફાવતને લઇને ઊભો થાય છે.

**આધ્યાત્મિક રીતે કોઇ કામ નાનું કે મોટું નથી :—**

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જેમાં પરિશ્રમ કરવો પડે એ કામ હલકું છે. મહેનત—મજૂરીનું કામ જેને

નોકરના કામ તરીકે ગણીને હલકું માનવામાં આવે છે, તે સફાઈકામ, ઝાડુ વાળવું, એંઠા વાસણ સાફ કરવાં, આ બધાં કાર્યો આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં બિલકુલ હલ્કાં નથી.

મહાભારતના યુદ્ધ બાદ હસ્તિનાપુરમાં યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ આરંભ્યો હતો. આ યજ્ઞમાં બધા જ સગાસંબંધીઓને તેમની કક્ષા પ્રમાણે કાર્યો સોંપી દેવામાં આવ્યાં હતાં. એ પ્રમાણે સહુ પોતાને સોંપેલા કાર્યો કરી રહ્યા હતા, હવે શ્રીકૃષ્ણને અનુરૂપ એવું કોઈ કાર્ય યુધિષ્ઠિરને જણાયું નહીં. આથી એમણે શ્રીકૃષ્ણને કોઈ જ કામ સોંપ્યું ન હતું. આથી શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને પૂછ્યું; મને કહો તો ખરા કે મારે યજ્ઞમાં કયું કાર્ય કરવાનું છે?

''હે કૃષ્ણ, તમને અનુરૂપ કોઈ કાર્ય મને અત્યારે તો જણાતું નથી, પણ જ્યારે જણાશે ત્યારે હું તમને જરૂર સોંપીશ.''

''વાહ, મારામાં તો વિશેષ આવડત છે, એટલે હું વિશિષ્ટ કામ કરીશ. મેં મારું કામ શોધી કાઢ્યું છે.''

''મને કહો તો ખરા, કે એ વિશેષ કામ કયું છે?''

''જુઓ, હવે હું એ જ કામ કરી રહ્યો છું'' એમ કરીને બધાંની એંઠી પતરાવાળીઓ પડી હતી, તે ઉપાડીને શ્રીકૃષ્ણ લઈ જવા લાગ્યા.

''અરે, કૃષ્ણ, આ શું કરો છો? આવું કામ તમારાથી ન થાય.''

યુધિષ્ઠિરે હાથ જોડીને તેમને કહ્યું પણ કૃષ્ણ માન્યા નહીં. અને પતરાવાળીઓ ઉપાડી ઉપાડીને બહાર ઢગલો કર્યો ને ભોજનમંડપ સ્વચ્છ કરવા લાગ્યા.

રાજસૂય યજ્ઞ જેવા મહાન યજ્ઞમાં શ્રીકૃષ્ણે જગતની દૃષ્ટિએ ગણાતું નીચામાં નીચું કાર્ય—એંઠવાડ ઉપાડવાનું કરીને પોતાના



આચરણથી સાબિત કરી આપ્યું છે કે કોઈ કામ હલકું નથી.

શ્રીઅરવિન્દે સાધકને પત્રમાં આ વિષે સ્પષ્ટતા કરતાં લખ્યું છે : ''આધ્યાત્મિક દૃષ્ટિથી જોતાં કોઈ કાર્ય નાનું કે મોટું નથી. નાના, મોટાના વિચારો સાહિત્યક લોકોના વિચારો જેવા છે, જેઓ માને છે કે કવિતા લખવી એ ઊંચું કર્મ છે, અને જોડા સીવવા કે રસોઈ કરવી એ નીચું અથવા હલ્કું કામ છે. પરમાત્માની નજરે તો બધું સમાન છે.'' ''કર્મની અંદર રહેલી ભાવનાનું જ મહત્ત્વ છે. યૌગિક કર્મમાં વ્યક્તિગત હેતુઓ, યશ કે લોક માન્યતા કે દુન્યવી મહાનતા માટેની ઇચ્છા, વ્યક્તિના પોતાના માનસિક હેતુઓ અથવા પ્રાણની વાસનાઓ અને માગણીઓ અથવા શારીરિક પસંદગીઓ, મિથ્યાભિમાન અથવા સ્વ—આગ્રહ, પદ કે પ્રતિષ્ઠા માટેનો દાવો—આ બધું ન હોવું જોઈએ. તો જ તે વ્યક્તિને આધ્યાત્મિક રીતે પવિત્ર કરે. અહંકારી કર્મ અજ્ઞાની લોકોને ભલે ગમે તેટલું ઉપકારક હોય, યોગસાધનામાં તેનો કોઈ ઉપયોગ નથી.''

**આધ્યાત્મિક કાર્યો જ્ઞાનના અંશરૂપ બની શકે છે :—**

સામાન્ય કાર્યો પાછળની ભાવના જુદી હોવાથી તે કાર્યોનું ફળ તેની ભાવના પ્રમાણે મળે છે. પણ આધ્યાત્મિક કાર્યો તો પરમાત્માને સમર્પિત ભાવે કરાતાં હોઈ તેનું ફળ પરમાત્માની સંનિધિ રૂપ મળે છે. આપણે જેનું ચિંતન વારંવાર કરીએ છીએ, એની સાથે સૂક્ષ્મરૂપે આપણી એકરૂપતા થઈ જાય છે. આ એકરૂપતાથી આપણા હૃદયમાં પરમાત્માનું જ્ઞાન સહજપણે સ્ફૂરે છે. આ જ્ઞાન થતાં પરમાત્મા પ્રત્યે ઉત્કટ પ્રેમ જાગે છે, એટલે ભક્તિ પણ સહજ બને છે. આ આધ્યાત્મિક કાર્યોથી કર્મ, જ્ઞાન અને ભક્તિની ત્રિવિધ સાધના સાવ સહજપણે થવા લાગે છે, એથી પરમાત્માનું સાંન્નિધ્ય ઝડપથી પ્રાપ્ત થાય છે.

# વનવિશ્રામમાં સાધના યજ્ઞ

—ચંદ્રકાન્ત પટેલ

શ્રી ચંદ્રકાન્ત પટેલ પૂ.મા—પ્રભુના એક શરણાગત ભક્ત છે તે ઉપરાંત તેઓ સાહસિક પણ છે, એટલે તેઓ અગાઉ દેવ પ્રયાગથી અંબાજી થઇ સરોડા થઇ કર્પૂરવન સુધીની લગભગ ૧૬૦૦ કિ.મી.ની પદયાત્રા કરવાનો સંકલ્પ પૂરો કરી શક્યા છે.

આ વખતના વનવિશ્રામમાં પણ સાધના પરાયણતા ઉપરાંત સાહસવૃત્તિને લીધે, ગીર જેવા હીંસક પ્રાણીઓવાળા જંગલ વિસ્તારમાં એક મહિના સુધી રહ્યા. તે દિવસો દરમ્યાન હીંસક પ્રાણીઓનો ભેટો થયો તેમાં તેમનો બચાવ થયો તે વાત લખી છે. શ્રી ચંદ્રકાન્તભાઇની સાહસવૃત્તિ ને શ્રદ્ધાને સલામ કરવાનું મન થાય એવું છે.

—તંત્રી

૨૫મી મે ૨૦૧૪નાં રોજ શ્રી રાજુભાઇની આગેવાની નીચે પૂજ્યશ્રી માની પ્રાગટ્ય ભૂમિ કર્પુરવનની પાવન ધરતીનાં દર્શન કરવા ભક્તો ગયેલા. હું પણ તેમા સામેલ હતો. કર્પુરવનની ધરતી પરથી મને પ્રેરણા થઇ કે પૂજ્ય મા વનવિશ્રામમાં છે તો મારે પણ એક મહિનાનો વનવિશ્રામ કરવો.

મા પ્રભુનો વિશેષ આભાર વ્યક્ત કરવા મેં ગીર વિસ્તારમાં સાસણથી ૫ કિ.મી. દૂર મહેશભાઇ ખૂંટની વાડીમાં નવ જુન થી નવ જુલાઇ એમ એક મહિનાનો વનવિશ્રામ કરેલો, એટલે કે એક મહિનાનું સાધના પર્વ ઉજવ્યું. તે સમય દરમ્યાન મેં પૂજ્ય માની કૃપાથી તેર લાખ જપ, પાંચ હજાર દંડવત્ પ્રણામ



અને પાંચ પારાયણો ગુરુ લીલામૃતનાં કરેલાં.

સાસણ—તલાલા રોડ ઉપર આ વાડી રોડથી થોડી અંદર પંચમુખી હનુમાન મઢીના પાછળના ભાગમાં આવેલી છે. વાડીમાં પ્રવેશતાં જ એક રહેવા લાયક મોટું મકાન છે. પ્રમાણમાં હવા ઉજાસ ઓછા કહી શકાય તેવા આ મકાનની બાજુમાં રેલ્વે લાઇન પસાર થાય છે. વાડીની ઉત્તર દિશામાં ગાઢ જંગલ આવેલું છે. વાડીની પશ્ચિમ દિશામાં હીરણ નદી વહી રહી છે. સૌરાષ્ટ્રની એક માત્ર નદી જે દુષ્કાળમાં પણ વહેતી રહે છે. હીરણ નદીના કાંઠે ઘેઘૂર આંબાવાડીયું છે. ખેતરોમાં હરિયાળી લહેરાઇ રહી છે. આવા કુદરતી વાતાવરણમાં મન આનંદિત થઇ સહજ જ જપમાં, સાધનામાં જોડાઇ જાય છે.

આવા પ્રફુલ્લિત વાતાવરણમાં વનવિશ્રામના બીજા દિવસે તા.૧૦/૦૬/૧૪ની સાંજે સાડા પાંચ વાગે આંબાવાડીયામાં આસન પર બેસીને હું જપ કરી રહ્યો હતો. અડધો કલાક પછી ચાલતા—આંટા મારતા જપ કરવાનો વિચાર આવ્યો. એક હાથમાં ગૌમુખી છે, બીજા હાથમાં જપ ગણતરીનું સાધન છે. જપ કરતાં કરતાં હજુ તો ત્રણ—ચાર આટા માર્યા ત્યાં કોઇ જંગલી જનાવરનો અવાજ સંભળાયો. પ્રથમ નજરે હરણ જેવો રંગ દેખાયો પછી જણાયું કે આ તો ભયંકર ખૂખાર દીપડાઓ છે. બે દીપડાઓ ઝગડતા ઝગડતા અતિ ઝડપથી મારી તરફ આવી રહ્યા છે. એક દીપડો મળે તો ભારે પડે, આ તો બે બે દીપડાઓ. સિંહથી પણ ભયાનક. દીપડાનો કોઇ ભરોસો ન કરાય. મનમાં એવું લાગ્યું કે જીવનની અંતિમ ક્ષણો આવી ગઇ. હવે આ ભયંકર સંકટમાંથી નહીં બચી શકાય. ''ૐ યોગેશ્વર રક્ષમામ્, મા સર્વેશ્વરી પાહિમામ્''. સહજ જ આ મંત્ર

બોલાઇ ગયો. બચાવ પક્ષે શરત એટલી કે ભાગવું નહીં અને પીઠ ન આપવી. એક ક્ષણ ભય મનમાંથી પસાર થયો. ને બીજી ક્ષણે ભયને ફેંકી દીધો ''જૈસી માકી મરજી'' સામે જ ઊભો છું દીપડાઓ મારાથી દશ—બાર ફૂટ જ દૂર રહ્યા. ત્યાં તો ચમત્કાર કહો, મંત્રની શક્તિ કહો કે શરણાગતની રક્ષા કહો. એકાએક વણાંક લઇ મોં ફેરવી સડસડાટ નાળિયેરીનાં ઝાડ પર એક દીપડો ચડી ગયો. બીજો દીપડો શેરડીના ખેતરમાં જતો રહ્યો.

ઝગડતી વખતે ઉગ્ર સ્વભાવમાં હોવા છતાં. બંન્ને દીપડાઓ સાત્ત્વિક્તાની મૂર્તિ બનીને ગોઠવાઇ ગયા. ખરેખર ગોઠવવાનું તો મારે હોય. બીજું કે જો હું બેસીને જપ કરતો હોત તો દીપડાનો હું પંદરેક ફૂટનાં અંતરથી જ દેખાત. હું તેમના રસ્તામાં બેઠો હતો. અતિ ઝડપને કારણે દીપડાઓ મારી માથે પડત. એમાં હુમલાની શક્યતા રહે. પરંતુ ચાલતા જપ કરવાનો વિચાર આપીને પૂજ્ય માએ મને ભયંકર સંકટમાંથી બચાવી લીધો. અહીં એક ભજનની કડી યાદ આવે છે.

**''હરિને ભજતાં હજુ કોઇની લાજ જતાં નથી જાણીરે**
**જેની સુરતા શામળિયા સાથ, વદે વેદ વાણી રે.''**

મને અવનવુ અનુભવવા મળ્યું કે આપણે જે પ્રાર્થનાઓ ગાઇએ છીએ તે ફક્ત ગાવા ખાતર નથી. તે નક્કર પરિણામલક્ષી સાધના પણ છે, તે જવાબ આપે છે. તે પ્રાર્થનાઓને મા પ્રભુ સાંભળે છે. જેમકે

**''સતત રક્ષા કરો છો આપ, અનુભવતા અમે દિન રાત,**
**અમારા અંતરે શ્રદ્ધા, કદી વાંકો ન થાયે વાળ.''**

હવે મારે સુરક્ષિત સ્થળ પર જવા આ બંન્ને દીપડાઓની વચ્ચેથી પસાર થવાનું હતું. અને હું તો માનું નામ લેતાં લેતાં સુરક્ષિત સ્થળે પહોંચી ગયો. બે બે દીપડાઓ અથડાયા પણ મારો વાળ પર વાંકો કરી શક્યા નહીં. આ ઘટના પછીની પંદર જ મીનીટમાં જ મા પ્રભુએ એક બાળકને માધ્યમ બનાવી ફોન દ્વારા મારા ખબર અંતર પૂછી લીધા. આભાર મા.



ગઇ સાલ મારા દેવપ્રયાગ નિવાસમાં બીજે દિવસે ઉત્તરાખંડનાં જળ પ્રલય વખતે વાનરોમાં તમોગુણનું આરોપણ કરીને મારી રક્ષા કરેલી. અહીં દીપડાઓમાં સાત્ત્વિકતાનું આરોપણ કરીને મારી રક્ષા કરી. શરણાગતની રક્ષા એ નહીં કરે તો બીજું કોણ કરશે? હવે તો

★ ''ન પિયર ન સાસરા, બસ એક મા તેરા હે આસરા''

★ ''ૐ મા શરણં મમ''

★ ''ૐ માહિ કેવલમ્''

★ મારે તો પણ તું, તારે તો પણ તું,
સ્વીકારે તો પણ તું, ધિક્કારે તો પણ તું,
તું તું ને તુંજ, મિટા દે મેરા હું

★ તું તું કરતાં તું ભયા, મુજમે રહા ન હૂંય,
વારી જાવ તારા નામ પર, જીત દેખું તિત તુંય.

૧૫મી જુનને દિવસે વાવણી જોગ વરસાદ થયો. ખેડૂતોનું સિંચાઇનું કામ બંધ થયું હોવાથી, રાત્રે સીમમાં કોઇ ખેડૂત જોવા ન મળે. વળી અષાઠ વદ અંધારીયું. રાત્રે તમરાનો અવાજ સતત ચાલું રહેતો. ક્યારેક સિંહ ગર્જના પણ સંભળાતી. આવી અંધારી રાત્રિમાં આખા વિસ્તારમાં હું એકલો જ મા પ્રભુની સાથે. મા પ્રભુતો આપણી સાથે ને પાસે છે. પણ આ જીવ ક્યારેક ભૂલી જાય તો મા પ્રભુ ફરી પાછું યાદ અપાવી જાય કે અમે તમારી સાથે ને પાસે છીએ. મા પ્રભુએ કૃપા કરી એવો એક દિવ્ય રક્ષણાત્મક અનુભવ આપ્યો.

જે મકાનમાં હું રહેતો હતો. તે મકાનમાં રાત્રે મચ્છર–ઉંદરનો ત્રાસ સહન કરીને પણ મકાનમાં અંધારું જ રાખતો. બહારથી કોઇ ને લાગે કે આ મકાનમાં કોઇ રહેતું નથી. એક વિચાર આવી ગયો કે કોઇ શિકારી ટોળકી આવીને મને હેરાન કરે તો તેથી અંધારું રાખતો.

૧૪મીકે ૧૫મી જુનના દિવસે વહેલી સવારે સાડા પાંચ વાગે એલાર્મ વાગ્યો ને હું જાગ્યો. ફરી સૂઇ ગયો. બારીના સળિયામાં બહારથી કોઇએ લાકડીનું ઘર્ષણ કર્યું અને તે અવાજથી હું જાગી ગયો. વાડીવાળાભાઇ આવી ગયા છે ને મને જગાડી રહ્યા છે. એવું સમજીને મેં બારણું ખોલ્યું. બહાર જોયું તો કોઇ જોવા ન મળ્યું. કોણ હશે? કંઇ સમજાયું નહીં. મનમાં આ ઘટનાની કોઇ નોંધ લેવાઇ નહીં, ભૂલી ગયાં.

૧૯મી જુનની રાત્રે વહેલી પરોઢે હું સૂતો છતાં વહેલું ઊઠવાનું હતું, કારણ સવારે વાડીવાળાભાઇ ખેતીકામ કરવા વહેલા આવવાના હતા. ૨૦મી જુન વહેલી સવારે સાડા પાંચ વાગે એલાર્મ વાગ્યો. ફરી પાછો હું સૂઇ ગયો. બરાબર સાડા છ વાગે બહારથી બારીના સળીયામાં કોઇએ લાકડીનું ઘર્ષણ કર્યું. પ્રથમ વખતના અવાજ કરતાં પણ મોટો અવાજ મારા માનસપટ પર છવાઇ ગયો. હું સફાળો જાગી ગયો. વાડીવાળાભાઇ મને જગાડી રહ્યા છે, ને હું તો આરામથી સૂઇ રહ્યો છું. તેઓને ખેતી કામના સાધનો બહાર કાઢવાં હશે, એવું વિચારી શરમ, સંકોચ સાથે બારણાં તરફ દોડ્યો. બારણું ખોલ્યું. બહાર બધે જ જોયું પણ કોઇ વ્યક્તિ મને જોવા ન મળી. વાડીવાળાભાઇ તો સાડા સાત વાગે આવ્યા. વળી લાકડીનો એક અઢી ફૂટનો ટુકડો બારીમાં આડો ભરાવેલો રહેતો. સવારે જોયું તો લાકડીનો તે ટુકડો નીચે પડેલો હતો. તેથી એ સાબીત



થાય છે કે લાકડીને કોઇએ સ્પર્શ કરેલો છે. પછી મને સમજાયું કે કોઇ અદૃશ્ય શક્તિ મને જગાડી રહી છે. મારી સાર સંભાળ લઇ રહી છે. તો પછી મારે કોઇનાથી ડરવાનું હોય જ નહીંને! તે દિવસ પછી હું રાત્રે મકાનમાં લાઇટ ચાલું રાખવા માંડ્યો. જીવ જ્યારે ભૂલી જાય ત્યારે શિવ તત્ત્વ યાદ અપાવવા ભક્તની વહારે દોડી આવે કે અમે તમારી સાથે ને પાસે છીએ. બાળકની સંભાળ મા ન રાખે તો બીજું કોણ રાખે? હે મા કર્તા તમે જ.. તમે જ છો.

★ મા તે મા બીજા વગડાના વા.

★ હેતાળ હૈયાનું હેત એટલે મા.

★ પ્રેમનું પારણું એટલે મા.

★ સ્નેહનો છલકતો દરિયો એટલે મા.

★ મા હરતી ફરતી પ્રેમની યુનિવર્સિટી છે.

★ પ્રેમ ધર્મનાં શિખર ઉપર માતૃત્વની ધજા ફરકતી રહે છે.

★ માતા જે કાયમ આપે શાતા.

★ શ્રદ્ધા અકબંધ તો માની કૃપા થોકબંધ.

★ મા વગર તો ત્રણેય જગતનો નાથ પણ અધુરો છે.

જાગવું એ જીવન છે અને આળસમાં ઊંઘ્યાં રહેવું એ મરણ સમાન છે. પૂજ્ય માને મન સમયની કેટલી કિંમત હશે તે આ પ્રસંગ પરથી જણાય છે. કોઇ બાળક અડધો કલાક કે કલાક ઊઠવામાં મોડો પડે તો દૂર દૂર અતિ દૂર છેક કેનેડામાં વનમાંથી ગીરનાં વન સુધી પધારીને બાળકને જગાડે છે, હે બાળકો, ભક્તો જાગો, ક્ષણે ક્ષણનો સદ્‌પયોગ કરી લો. ''આ દિવસો પણ ચાલ્યા જશે'' તેથી મા સ્વર્ગારોહણમાં પણ ભક્તોને વારંવાર

જગાડતાં રહે છે. પરંતુ આપણને મારી જેમ ન સાંભળવાની ટેવ પડી હોય તેમ પાછા સૂઇ જઇએ છીએ. મારે તો હવે ભટકવાનું છોડી કલ્પવૃક્ષની છાયામાં જાગી જવું છે. અને આપણે બધાયે પણ.

વનવિશ્રામ પૂરો થતાં વિચાર આવ્યો કે તાત્કાલિક ફોન કરીને પૂજ્ય માને પ્રણામ પાઠવવા અને વનવિશ્રામ વિષે જણાવી દેવું. જેથી પૂજ્ય માએ ગુરુ પૂર્ણિમાથી ૧૫મી ઓગષ્ટના દિવસ સુધી ભક્તોને કોઇ નિયમ આપવો હોય તો આપી શકે. સંજોગોવસાત્ ફોન કરી શકાયો નહીં. મનમાં તેનું થોડું દુઃખ રહેતું. ૧૪મી જુલાઇના દિવસે મા પ્રભુના એક બાળકનો ફોન આવ્યો, કહે બધા યુવાન સાધક ભક્તોએ ગુરુપૂર્ણિમાંથી ૧૫મી ઓગષ્ટ સુધી પ્રભુને રોજ ૧૦૮ પ્રણામ કરવાનો નિયમ લીધો છે તમારું નામ લખીએ? મેં તુરત જ જવાબ આપી દીધો. હા. હા. મારા મનમાં તો આનંદ આનંદ થઇ ગયો. પૂજ્ય માની સમર્થતા કેટલી ઊંચી કહેવાય. મારા મનનો વિચાર પૂ.મા જાણી ગયાં. અને યુવાન સાધક ભક્તો દ્વારા કોઇ જ આદેશ આપ્યા વિના તે વિચારનો અમલ પણ કરાવ્યો. સાધક ભક્તોનાં રોજીંદા જીવનમાં પણ પૂજ્ય માનું રક્ષણાત્મક વલણ જોવા મળતું હોય છે. કદાચ ભલે તેની નોંધ લેવાતી ન હોય.

પંચમહાભૂતો પરનો માનો સંપૂર્ણ કાબું કહેવાય. પ્રકૃતિ અને પુરુષમાં તેઓ પરમ પુરુષ છે, પરમ શક્તિ છે. પરબ્રહ્મ છે. હે પરમ પુરુષ, હે પરમ શક્તિ, હે પરબ્રહ્મ. પ્રણામ પ્રણામ પ્રણામ. ''જય કૃપાળુ મા''.

હે મા જ્ઞાન, ભક્તિને વૈરાગ્ય આપો, વિવેક આપો, શુદ્ધ બુદ્ધિ આપો. વિશુદ્ધ પ્રેમ આપો.



# પૂ.શ્રીના પ્રાગટ્ય પર્વ નિમિત્તે સાધકોએ નિયમો લીધા

–રાજુભાઇ જાની

સ્વર્ગારોહણ તીર્થમાં પૂ.શ્રી યોગેશ્વરજી પ્રાગટ્ય ઉત્સવ પર્વ તા.૧૫ ઓગષ્ટ થી ૧૭ ઓગષ્ટ દરમ્યાન ઉજવાયો. તેમાં પ્રાગટ્ય ઉત્સવ સાથે ઉપસ્થિત સૌ ભક્તોએ તા.૧૬ ના દિવસે સાધના પર્વ દરમ્યાન, જપ, ધ્યાન, પ્રદક્ષિણા, બાવની, શતનામ પાઠ પ્રણામ ઇત્યાદિ નિયમો લઇ પૂર્ણ કરી સાત્ત્વિક રીતે સૌ સંપન્ન થયા.

આ નિમિત્તે સૌ ભક્તોએ તેમની રોજની સાધનામાં પણ નિયમિતતા જળવાય તે માટે તેને સમય અથવા સંખ્યાથી બદ્ધ કરવાનું પણ વિચાર્યું.

એક સૂચન પ્રમાણે સ્વર્ગારોહણમાં આવતા લગભગ ૨૫૦ થી ૩૦૦ સાધકભાઇ બ્હેનો તેમની સાંસારિક વ્યસ્તતા વચ્ચે પણ નિયમિત રીતે પ્રણામ, જપ, બાવની કરતાં રહે છે. આ તપશ્ચર્યાને નિયમ બદ્ધ કરવા એક વિગત રજુ કરાઇઃ–

**એક વર્ષમાં કેટલા થાય?**

★ જો ૨૫૦ ભક્તો નિયમિત ૩૬૫ દિવસ ૧૦૮ પ્રણામ કરે તો વર્ષ દરમ્યાન પ્રભુને ૧ કરોડ પ્રણામ અર્પણ કરી શકાય.

★ જો ૩૦૦ ભાઇબેનો રોજ ૧૧ માળા નિયમિત ૩૬૫ દિવસ કરે તો એક વર્ષમાં ૧૩ કરોડ જપ પૂ.શ્રીમાને અર્પણ કરી શકાય.

★ જો ૨૭૫ ભાઈબ્હેનો રોજ ૫ બાવનીનો નિયમ પાળે તો એક વર્ષમાં મા—પ્રભુને પાંચ લાખ બાવની ચરણે ધરી શકાય.

જો ૨૭૫ ભાઈ બ્હેનો પૂ.શ્રીમાની આજ્ઞા પ્રમાણે શતનામ પાઠ પ્રભુના ૧૦૮ સંસ્કૃત પ્રણામનો પાઠ તુલસીદળમાં છે તે ત્રણ વાર સવાર બપોર સાંજે કરે તો તે ત્રિકાળ સંધ્યા જ ગણાય આ ત્રિકાળ સંધ્યા ૨૭૫ ભાઈ બ્હેનો ૧ વર્ષ માટે કરે તો ૧ લાખ ત્રિકાળ સંધ્યાનું તર્પણ પ્રભુ ચરણે ધરી શકાય. પ્રભુના ૯૩ મા પ્રાગટ્યદિન નિમિત્તે ગોઠવેલી દીપમાળામાંથી એક દીપ પ્રગટાવી સૌએ એક નિયમ ફરજીયાત લેવો તેવો સંકલ્પ કર્યો અને સમગ્ર વર્ષ દરમ્યાન પ્રામાણિકપણે એ નિયમ પાળવા પ્રભુ સમક્ષ પ્રતિજ્ઞા કરી.

સૌ ભક્તોએ પ્રેમની આ વાતને વધાવી નિયમો લીધા. જુદા જુદા શહેરોની વિગત ત્યાંના કાર્યકર્તાઓએ નોંધી, જેથી એક વર્ષના ઉપરોક્ત લક્ષાંકો પૂ.શ્રીમાના ચરણે ધરી શકાય.

### બાળ સાધકો માટે

૧૨ વર્ષથી નાની ઉંમરના બાળકો જે સ્વર્ગારોહણ આવે છે તેમણે પણ નિયમિત બનવા ૨૫ પ્રણામ અને ૧ બાવનીનો નિયમ ફરજીયાત લેવો, જેથી શૈક્ષણિક વ્યસ્તતા વચ્ચે પણ તેમના આધ્યાત્મિક સંસ્કારો જળવાઈ રહે. માબાપોએ તે માટે પોતાનાં સંતાનોને પ્રોત્સાહિત કરતાં રહેવું જોઈએ.



# ભગવાનનો ચહેરો!

—ડૉ. આઈ. કે. વિજળીવાળા

એક માણસ મેગેઝિન વાંચતો હતો. એની દસેક વરસની દીકરી બાજુમાં રમતી હતી. અચાનક એ દીકરીએ પોતાનું રમવાનું પડતું મૂકીને એ માણસને સવાલો પૂછવાનું શરૂ કર્યું. પેલા માણસને એકાદ લેખમાં બરાબરનો રસ પડી ગયો હતો અને દીકરી એને વાંચવા નહોતી દેતી. હવે શું કરવું? કંટાળીને એ માણસે મેગેઝિનમાંથી એક પાનું ફાડ્યું. એ પાના પર દુનિયાનો નકશો છાપેલો હતો. બાપે એ પાનું ફાડીને નાના નાના ટુકડા કરી નાખ્યા.

પછી એ ટુકડા પોતાની દીકરીના હાથમાં આપતાં એણે કહ્યું, ‘બેટા! તું તારી પઝલગેઈમની જેમ આ ટુકડાઓને જોડીને દુનિયાનો આખો નકશો બનાવી આપ. આપણાં પારદર્શક સ્ટીકીબોર્ડ પર આ ટુકડા ચોંટાડીને તું એ કરી શકે. હા, એ માટે તારા ભૂગોળના એટલાસને તું જોઈ શકે છે. અને એ જોઈને આ નકશો ગોઠવવાની તને છૂટ છે. પરંતુ એ જોયા વિના જો તું કરશે તો વધારે સારું ગણાશે. જા! જલદી ગોઠવવા લાગી જા!’

દીકરીને નવી રમત મળી. એને નહોતી ખબર કે બાપ એનાથી છૂટકારો મેળવવા એને આ રમત આપી રહ્યો હતો (કે આ રમત રમી રહ્યો હતો!) એ તો મોજથી બધા ટુકડાઓને લઈને બાજુના રૂમમાં ગઈ.

‘હાશ! હવે નિરાંતે વંચાશે!’ એવું વિચારીને પેલા માણસે પગ લાંબા કર્યા. પોતાનું ધ્યાન ફરીથી મેગેઝિન વાંચવામાં પરોવ્યું. એને ખાતરી હતી કે એકાદ કલાક પહેલાં તો દીકરી

પાછી નહીં જ આવે.

પરંતુ એની ધારણા ખોટી પડી! દીકરી તો એક પ્લાસ્ટિકના પારદર્શક બોર્ડ પર ટુકડાઓ ચોટાડીને દસેક મિનિટમાં જ પાછી આવી ગઇ. અને બાપને જાણ કરી કે દુનિયાનો નકશો બરાબર ગોઠવાઇ ગયો છે.

બાપને નવાઇ લાગી. એણે પૂછ્યું, 'બેટા! તારી ઉંમરે દુનિયાનો નકશો આટલી વારમાં બરાબર ગોઠવવો શક્ય જ નથી. એ ખૂબ જ અઘરું કામ છે. વિશ્વના દરેક સ્થળનાં નામ પણ અત્યંત અઘરાં અને અટપટાં છે. તને કયા સ્થળની બાજુમાં શું આવે છે એ યાદ હતું? કે પછી તે એટલાસ જોયો હતો? અને એની મદદથી આ નકશો તૈયાર કરી નાખ્યો છે?'

'અરે પપ્પા! મેં એટલાસ નથી જોયો અને મને દુનિયામાં બધાં સ્થળોનાં નામ પણ નથી ખબર!'

'તો પછી તું આટલી જલદી એ કઇ રીતે ગોઠવી શકી?' બાપુનું આશ્ચર્ય બેવડાયું.

'અરે પપ્પા! એમાં કાંઇ મોટી વાત નહોતી. એ પાનાની બીજી તરફ ભગવાનનો ફોટો છપાયેલો છે. મને ભગવાનનો ફોટો તો બરાબર યાદ હતો! મેં ભગવાનના ચહેરાને યાદ કરી સૌથી પહેલાં એને મારા મનમાં બરાબર ગોઠવી દીધો. પછી તે મુજબ આ ટુકડા ગોઠવતી ગઇ અને બસ! બીજી તરફ આખી દુનિયા બરાબર ગોઠવાઇ ગઇ! બોલો, છે ને સાવ સહેલું?!'

બાપ કાંઇ બોલ્યો નહીં. એણે ફક્ત હકારમાં માથું હલાવ્યું. કદાચ એને પણ પહેલી વખત સમજાયું હશે કે ભગવાનનો ચહેરો મનમાં બરાબર ગોઠવતા માત્રથી જ આખી દુનિયા પણ બરાબર ગોઠવાઇ જતી હોય છે!



### વિદેશ અભ્યાસ માટે ગયેલા એક શ્રદ્ધાળુ યુવક

# શ્રી શિવમ્‌નો પૂ.માને પત્ર

**–શિવમ્ વિજયભાઇ કનેરિયા**

જય કૃપાળુ મા,

એ જગતજનનીને પ્રણામ કે જે આ અખિલ સૃષ્ટિમાં બધે જ પ્રસરેલા, સર્વવ્યાપી, નિર્માતા, પાલનપોષણકર્તા, વિનાશકર્તા, હમેશાં પ્રેમકર્તા અને ધ્યાનકર્તા છે. મારો પહેલો અને છેલ્લો પ્રેમ. મારા પ્રિય પ્રિયતમ મા.

આપને કદાચ આશ્ચર્ય થતું હશે કે શિવમ પત્ર લખે? આશ્ચર્ય જ છે ને? મારા માટે પણ એ એક આશ્ચર્ય જ છે. પરંતુ હું માનું છું કે મારે માટે લખવાનો સમય આવી ગયો છે. હું હંમેશા આપના વિષે લખવા ખૂબ ઉત્સુક છું પરંતુ મેં ક્યારેય ખરેખર પ્રયત્ન જ નથી કર્યો જે માટે હું ક્ષમા માંગું છું.

આપ મારા જીવનના પથદર્શક પ્રકાશ છો. હંમેશા મારી પાસે જ હોવ છો. હંમેશા મારી સંભાળ લેતાં રહો છો. હંમેશા મારી રક્ષા કરતાં રહો છો. હું આજે જે કંઇ છું તે આપના થકી જ થઇ શક્યો છું. અમે આપના કારણે જ સુખી છીએ. આપના કારણે જ જીવનમાં હવે કોઇપણ બાબતનો ડર રહ્યો નથી. હું આપને સતત યાદ કરું છું અને ૧૨ વર્ષની ઉંમરથી જ પરિવાર સાથે તથા આપની પાસે વધુ ન રહી શક્યો હોવાને કારણે જીવનમાં ખાલીપો અનુભવું છું. છતાં તમે તો કહો છો કે બધું હું જ કરું છું. પણ હું એમાં સહમત નથી, કારણ જો પૂ.શ્રી મા મારા જીવનમાં મારી સાથે ના હોત તો હું ક્યાં હોત! આપે મારા

માટે જ અસંખ્ય વાર પરિસ્થિતિઓને પલટાવી નાંખી છે જેથી હું આરામદાયક રીતે રહી શકું જેનું એક ઉદાહરણ અહીં પ્રસ્તુત છે.

૨૪ જુલાઇ ૨૦૧૩ ના દિવસે હું અમેરિકામાં પ્રવેશી રહ્યો હતો. જે દિવસ મારે માટે ખાસ દિવસ છે. (કારણ કે હું, પૂ.શ્રીમાના દર્શન જીવનમાં પ્રથમ વાર પામ્યો) હું જાણતો હતો કે પૂ.શ્રીમા અમેરિકાના પેન્સીલવેનિયામાં ક્યાંક છે. જે હું ઉતરવાનો હતો ત્યાંથી લગભગ ૧૨ કલાકની મુસાફરીના અંતે પહોંચી શકાય તેટલું દૂર હતું. પરંતુ મારે આગળની યાત્રાનું વિમાન ડ્યુલ્સ (વોશીંગ્ટન ડીસી) થી પકડવાનું હતું. હું બહુ વ્યથા અનુભવ કરતો હતો કારણ કે હું જ દેશમાં પ્રવેશી રહ્યો હતો ત્યાં પૂ.શ્રીમા હતાં અને છતાં હું પૂ.શ્રીમા પાસે જઇ શકતો નહતો, કારણ કે મારા સંબંધી જેમને ત્યાં હું ઉતરવા/રહેવાનો હતો તેમને દિવસ દરમ્યાનની પૂરા કલાકોની નોકરી હતી જેથી તે મને પૂ.શ્રીમા પાસે લઇ જઇ શકે તેમ નહોતા.

મારા હદયના એક ખૂણામાં હું સતત આપનું સ્મરણ કર્યા કરતો હતો અને આપના વિષે વિચાર્યા કરતો હતો. એ દરમ્યાન હું આગળની યાત્રા માટે ડ્યુલ્સથી શાર્લોટ જવા વિમાનમાં બેઠો. પ્રથમ જાહેરાત થઇ કે જે શાર્લોટ વિમાનમથકે આ વિમાન જવાનું છે તેના એક વિભાગમાં આગ લાગતાં વિમાન મોડું ઉપડશે. જેથી થોડીક ક્ષણો મનથી વ્યથિત થયો પરંતુ તુરત જ બીજી ક્ષણે થયું કે જે કંઇ થયું હશે તે સારા માટે જ થયું હશે. કારણ આપના જીવનમાં કંઇપણ આપણા બુરા માટે થતું જ નથી. મારી બરોબર બાજુમાં બેઠેલાં એક બહેન સાથે વાતચીત



શરૂ કરી કે જેઓ એમોરી યુનિવર્સીટીના મુખ્ય આર્કિટેક હતાં. જે એક ખ્યાતનામ મેડીકલ સ્કુલ તરીકે જાણીતી છે. તેઓ અમેરિકન નાગરિક હોવા છતાં બાળપણમાં લગભગ ૧૨ વર્ષ તેઓ રાણીખેત અને ઉત્તરાંચલમાં રહ્યાં હતાં. તેઓ બહુ ઉદાર દિલના હતાં અને તેમણે તેમનો ફોન નંબર પણ આપ્યો જેથી તેઓના શહેરની મુલાકાત સમયે તેમનો સંપર્ક કરી શકાય.

હું જાણું છું કે પૂ.શ્રી મા પડદા પાછળ રહીને એક અજાણી વ્યક્તિ સાથે મૈત્રી કરાવી શકે. બીજી વખત વિમાન મોડા અંગેની જાહેરાત પછી તરત જ ત્રીજી જાહેરાત વિમાન રદ થયા અંગેની હતી. હવે હું વધારે ચિંતિત થયો કે આ અજાણ્યા શહેરમાં ચાર મોટી બેગો લઇને ક્યાં જઇશ? વિમાન ખાલી કરી માર્ગદર્શન લેવા માટે સૂચના આપવામાં આવી. આ તકે મેં પૂજા ભક્તને સંદેશ મોકલ્યો કે પૂ.શ્રીમા ક્યાં બિરાજે છે? અને હવે મારી જીન્દગીમાં મોટામાં મોટો ઝટકો લાગ્યો, જ્યારે પૂજાનો સંદેશ મળ્યો કે પૂ.શ્રીમા વોશિંગ્ટન ડીસીમાં જ બિરાજે છે. શું? કેવી રીતે? શા માટે? કોઇ પાસે જવાબ નથી. ખરેખર પૂ.શ્રીમા ત્યાં એકાદ દિવસ માટે અમેરિકાના ફૂલવાડીનાં બાળકોને લાવેલાં અને ૨૪ જુલાઇ ૨૦૧૩ એ તો નીકળી જવાનાં હતાં. તેઓ તે દિવસે ન નીકળ્યાં. કોઇ આવીને મને હોટલેથી લઇ જાય એવી વ્યવસ્થા પૂજાએ કરી આપી.

ભારતથી આવતો હોવાથી હું ખૂબ થાકેલો અને ઊંઘમાં હતો. મારો બધો સામાન વેનમાં મૂકી હોટલે પહોંચ્યો. વેનમાંથી ઉતરીને જેવો હું સામાન લેવા જઉં છું ત્યાં જ કોઇએ ખૂબ જોરથી "જય કૃપાળુ મા" કહ્યું. તે દેવાંગભાઇ હતા. હોટલમાં

મેં સ્નાન કર્યું અને મને પૂ.શ્રીમા પાસે લઇ જવામાં આવ્યો. પૂ.શ્રીમાનો નિવાસ ગાડી રસ્તે ૧૦ મિનિટના જ અંતરે શ્રી પ્રતીકભાઇને ત્યાં હતો. (અમેરિકામાં સ્થાન આટલું નજીક હોવું વિચિત્ર કહેવાય.) અને હવે હું હતો પૂ.શ્રીમાની સન્મુખ. આ બધું બનવું કોઇ જાદુથી કમ ન હતું. હું આ માની જ ન શક્યો. અને એ મેં પૂ.શ્રીમાને પણ જણાવ્યું અને પૂછ્યું કે ''શું આ સ્વપ્ન છે?'' ''પૂ.શ્રીમાએ પોતાની આંગળીની મારી પાંપણ ખોલતા હોય તેમ રાખી ને કહ્યું આ હકીકત છે. તું માની સામે જ ઉભો છે.''

એ એક ક્ષણનો આનંદ પૂરી જીન્દગીમાં મળતા આનંદના સરવાળા કરતાં પણ વધી જાય તેવો હતો.

એક જ પળમાં મારો બધો થાક અદ્રશ્ય થઇ ગયો. એ પળ એવી હતી કે એમાં આખી જિંદગી રહેવું ગમે. મને પૂ.શ્રીમાથી કદી જૂદું પડવાની ઇચ્છા થતી નથી. પૂ.શ્રીમાને પણ જાણ ન હતી કે દેવાંગભાઇ મને લેવા ગયા છે. મેં જ્યારે પૂ.શ્રીમાને વિમાન રદ કરાવીને દર્શન આપવા બદલ આભાર માન્યો તો પૂ.શ્રીમા કહે એ તો બધું પ્રભુએ કર્યું છે. જોકે મને યાદ આવ્યું કે પ્રભુએ કહ્યું જ છે કે ''આપ જ ખુદ મા જગદંબા છો'' આ શબ્દોમાંથી હે પૂ.શ્રી મા! આપ મારાથી છટકીને મને ભ્રમમાં નહીં નાખી શકો. આપ હંમેશા કહો છો કે પ્રભુ જ સર્વસ્વ છે અને અમે કંઇ નથી. પણ અમે જાણીએ છીએ કે હે મા! આપ જ સર્વસ્વ છો. આપ જ સંપૂર્ણ બ્રહ્માંડનું સંચાલન કરો છો.

આશીર્વાદ આપો કે આપની પાસે જ અમારો મહત્તમ સમય જાય. આશીર્વાદ આપો કે આપના જ ગુણગાન અને ભવ્ય ગાથા



ગાતા રહીએ. આશીર્વાદ આપો કે અમે આ પૃથ્વી પરથી વિદાય થઇએ તે પહેલાં આપને વધુને વધુ ઓળખી શકીએ. આશીર્વાદ આપો કે જીવનમાં અમે આપને કદી ન ભૂલીએ અને હમેશાં યાદ કરતાં રહીએ. કારણ આપના થકી જ અમે ખૂશીથી જીવી રહ્યા છીએ. આશીર્વાદ આપો કે આ પૃથ્વીને અમે રહેવાલાયક બનાવીએ.

આપના દર્શન વગર હું અહીં રહેવાની કલ્પના પણ નથી કરી શકતો. આપ જ અમારા જીવનનાં માર્ગદર્શક છો. આપ અમારા માટે ઉત્સાહના સ્રોત છો. આપ થકી જ અમે ખુશીથી જીવન વિતાવીએ છીએ. આપ ખરેખર જ મા છો. માની વ્યાખ્યા નથી હું જાણતો કે નથી કોઇ ભાષા જાણતી. અમે આપને ખૂબ પ્રેમ કરીએ છીએ. અમે હમેશાં આપના દર્શનનો વિચાર કરતાં રહીએ છીએ. કોઇકવાર મને વિચાર આવે છે કે આપના દર્શન કરવા માટે એવું યંત્ર હોય તો કેવું સારું! એ માન્યતા સાચી જ છે કે આપનું એક જ દર્શન આ યોનિમાંથી માનવને મોક્ષ અપાવી શકે છે.

છેલ્લા ૩, ૪ વર્ષમાં આપે મને સ્લેટમાં લખીને અનેકવાર કહ્યું છે કે અમેરિકા ભણવા આવ ત્યારે મા તને ક્યા એરપોર્ટ પર લેવા આવે. આ વચન આપે પાળી બતાવ્યું તે બદલ ખૂબ ખૂબ આભાર. આપે મને પ્રસાદીમાં ખૂબ મોટી રકમનું કવર પણ આપ્યું જે બદલ ખૂબ ખૂબ આભાર. પ્રણામ.

આપનો બાળ

**શિવમ**

**(પત્ર અંગ્રેજીમાં લખેલો છે. અનુવાદ શ્રી રાજુભાઇ જાની)**

# ઉત્સવોની ઉજવણી

—જ્યોત્સ્નાબેન ત્રિવેદી

પંદરમી ઓગસ્ટ એટલે પર્વોની ઘટમાળ. આપણા યોગેશ્વર પરિવારને તો ગુરુપ્રેમ અને રાષ્ટ્રપ્રેમમાં નાવાનો અવસર. આપણા પ્યારા પ્રભુનો પ્રાગટ્ય દિન અને આપણા રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય દિન. બંનેનો અનેરો સંગમ ભક્ત હૃદયોમાં આનંદની હેલી પ્રગટાવે અને સહુ મસ્ત બની આ મંગલ ઉત્સવ પ્રગટાવે અને સહુ મસ્ત બની આ મંગલ ઉત્સવ ઉજવે.

જો કે તા.૧૪ સવારથી જ હોલ, કુટિયા, સ્વર્ગારોહણ સરોડા ધામ બધું જ ભક્તોના ભાવની અભિવ્યક્તિનું આલંબન બની ગયાં. સહુ સુશોભનમાં, સજાવટમાં મસ્ત બની ગયાં. અનેરો ઉત્સાહ અને ભક્તિભાવે એ સઝાવટમાં પ્રેમમાં રંગભર્યા અને સ્વર્ગારોહણ સરોડાધામ, કુટિયા, હોલે જાણે એક નવીન રૂપ જ ધારણ કરી લીધું. તો સાથે સાથે પ્રાર્થના, પારાયણ, નામ સંકીર્તન અને સાધનાએ પણ પોતાનું સામ્રાજ્ય જમાવી દીધું અને ૧૪મીની રાતથી જ એ નિયમો પણ અમલમાં આવી ગયા. સહુ સાધનાને પૂર્ણ કરવામાં લાગી ગયાં.

પ્રભુના અષ્ટોત્તર શતનામાનિથી દરેક બેઠકનો પ્રારંભ થયો. સવારે ૭ વાગે ધ્યાનની બેઠક નામ સંકીર્તન, નિત્ય પ્રાર્થના, શ્રી શ્રીમાનું પુણ્ય શ્લોક દર્શન, પ્રણામ, પૂજાથી પહેલી બેઠક શોભી ઉઠી.

બીજી બેઠકમાં રાષ્ટ્રપ્રેમની હેલી. ભારતમાતાની આઝાદીની યશગાથાને વધાવવા ધ્વજવંદન થયું. આ વર્ષનું ધ્વજવંદન પણ નમસ્કારને પ્રણામથી જ થયું ધ્વજવંદન શ્રી બાલુકાકા આપણા સ્વર્ગારોહણના પ્રથમ સંરક્ષક, પાયાના પત્થર, તેમને એ સન્માન આપવામાં આવ્યું. પૂ.શ્રીમાએ લખેલી પ્રાર્થનાની બુલંદ ઉદ્દ્‌ઘોષણા સહુ સાધકોએ અજયભાઇ કલોલાના નેતૃત્વ નીચે કરી તો ભાઇ અમન આશીષ જોષી (વડોદરા), એ દસ વર્ષના બાળકે ફ્લુટ(બંસી) પર રાષ્ટ્રગીત વગાડ્યું કેસીઓ પર પણ દેશભક્તિનાં ગીતો વગાડવામાં આવ્યાં. પૂ.સુશીલા માસીએ મા સર્વેશ્વરી પર રચેલી સ્તુતિનું ગાન કરવામાં આવ્યું. વરસતા વરસાદમાં રાષ્ટ્રપ્રેમ તથા પ્રભુ પ્રેમથી ભીંજાયેલું હૃદય અને મેઘરાજાની મહેરબાનીથી ભીંજાયેલું તન, સરોડાધામના પ્રભુને પોકાર પાડતું હતું.



ત્યાર પછી જન્મોત્સવનો પ્રારંભ થયો. પ્રભુના સ્વરૂપની પાલખીની શોભાયાત્રા કરવામાં આવી. જેણે અનુક્રમે ૪૦૦, ૩૦૦, ૨૦૦ પ્રણામ નિયમિત ગુરુ પૂર્ણિમાથી ૧૫ ઓગસ્ટ સુધી કરેલા તે ભાઇબ્હેનોને તે પાલખીને કુટિયા સુધી લઇ જવાનું સન્માન મળ્યું. પછી તો વારા ફરતી દરેક ભાઇ બ્હેનને પણ તે મળ્યું જ. પ્રભુ પ્રેમના ભક્તિભાવમાં કંઇક તો કર્યું જ હતું. સહુ ગાવામાં નાચવામાં સંકીર્તનમાં મસ્ત હતા અને પ્રભુને હોલથી કુટિયા અને ફરીથી હોલમાં લઇ આવ્યાં. શ્રી નારાયણકાકાએ પ્રથમ દીપ પ્રગટાવી પ્રભુને પુષ્પ ચઢાવી જન્મોત્સવનો પ્રારંભ કર્યો. આ વર્ષે પ્રભુનો ૯૩મો જન્મદિન હતો. તેથી ૯૩ દીપ રાખવામાં આવ્યા હતા. તેમાંથી એક દીપ પ્રગટાવી એક વર્ષ માટે પોતાના જીવનમાં પણ નિયમોનો દીપ પ્રગટાવવાનો હતો. ૧૦૮ પ્રણામ, ૧૧ માળા, પાંચ બાવની ત્રણ વખત ત્રિકાળ સંધ્યારૂપે અષ્ટોત્તર શત નામાનિ એક વર્ષ સુધી ૩૦૦ ભાઇ

બ્હેનો નિયમિત કરે તો ૧૩ કરોડ જપ પ્રભુ ચરણે ધરી શકાય.

બપોરની બેઠક ૩॥ થી શરૂ થઇ. શ્રી શ્રીમાએ યોગતીર્થની પ્રદિક્ષિણા માટે નિર્માણ કરાવેલા નવા પંથની સહુએ પ્રેમથી પ્રદિક્ષિણા અને વંદન કરી ગુરુલીલામૃતનું પારાયણ કર્યું અને પછી સહુએ વ્યક્તિગત સાધના કરી. રાત્રિની બેઠકમાં પણ નિત્ય પ્રાર્થના, પારાયણ પછી ગરબાની રમઝટ જામી. બંને દિવસનો ક્રમ તે જ રહ્યો.

તા.૧૭મીએ જન્માષ્ટમી હોવાથી એક વિશેષ કાર્યક્રમ યોજાયો અને તે હતો મટકીફોડ. નાના મોટા સહુ ભાઈબ્હેનોએ ભાગ લઇ સવિશેષ આનંદ માણ્યો. પછી પાછા શોભાયાત્રા કાઢી પ્રભુના સ્વરૂપને સ્વસ્થાને સરોડાધામમાં પધરાવવામાં આવ્યા. સહુ પ્રભુની અમૃતવાણી સાંભળી જાગૃત થઇ કંઇક કૃત સંકલ્પ બની નવા નિયમોને ગ્રહણ કરી સ્વર્ગારોહણથી વિદાય થયા.

હે પ્રભુ હે મા! આપના અનુરાગી બનવાના આશીષ આપજો. આપનાં દિવ્યમાને દીપાવવાની લાયકાત આપજો જરૂરી છતાં જે માંગ્યું નથી તે પણ આપજો અંતરના અંતરતમની એજ પ્રાર્થના.

### શ્રી બાલુભાઈનું સન્માન

તા.૧૭મીએ

સ્વર્ગારોહણના પ્રથમ સંરક્ષક ને સંચાલક શ્રી બાલુકાકાનું સન્માન કરવામાં આવ્યું. શરૂના તે દિવસોમાં બાલુકાકાએ લીધેલી સંભાળ એ જ આજના સુંદર સ્વર્ગારોહણનો પાયો છે. તેમણે વેઠેલી મુશ્કેલીઓનું ઋણ કોઇપણ રીતે વાળી શકાય તેમ નથી તેમનાં પત્ની વિમળામાસીએ તેમને તે દિવસોમાં ધરેલો સાથ ખૂબ મહત્ત્વનો છે.



શ્રી નારાયણકાકા તથા શ્રી કલ્યાણે એમની એ દિવસોની ઉત્તમ સેવાનું વર્ણન કર્યું.

શ્રી બાલુકાકાએ પણ પ્રભુના સીધા આશીર્વાદ ગણાવી પોતાના ભાગ્યની સરાહના કરી. કોઇને એમનાથી કોઇપણ જાતનું દુઃખ પહોંચ્યું હોય તો તેની ક્ષમા માંગી.

શ્રી બાલુકાકાને સર્વમંગલ ટ્રસ્ટ તરફથી સેવક શ્રી નાથાભાઇ જાગાણીના હાથે શાલ ઓઢાડવામાં આવી. તો શ્રી નારાયણભાઇ જાનીએ તેઓને ફુલહારથી સન્માન્યા. ઉપસ્થિત સર્વ ભાઇ બેનોએ પુષ્પ અર્પણ કરી, શ્રી બાલુભાઇના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી. તેઓનું વય હાલ ૮૮ વર્ષનું છે. શરીર સ્વસ્થ છે પણ કાને સાંભળવાનું ઓછું થયું છે.

★ પ્રાર્થનામાં પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ જરૂરી છે. તેનાથી પ્રેરાઇને પ્રાર્થના કરવી. દિવસે દિવસે તેને દૃઢ બનાવવી જોઇએ. ભક્તિમાં પ્રેમ અને શ્રદ્ધા જરૂરી છે. પ્રાર્થના વેન્ટિલેસન છે. મુસીબતમાં બારી ખોલી નાખે છે. ભક્તિમાં પ્રાર્થના આવશ્યક અંગ છે. પ્રાર્થના કાયાપલટ કરે છે. ભક્તિ જીવનનું રસાયણ છે. જેથી જીવનમાં ચમક આવે છે.

પ્રાર્થના એક સરળ સાધન છે—પ્રાર્થના કરતાં કરતાં પ્રભુ સાથે સીધી વાતચીત કરી શકાય.

—યોગેશ્વરજી

# શ્રી રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) —શ્રી યોગેશ્વરજી

'મારી બીજી અનેકવિધ પ્રવૃત્તિમાં ફરી મળવાનો વખત જ નહોતો. પરંતુ એ સુખી છે. એણે એનું મન લોકસેવામાં પરોવી દેવાનો સંકલ્પ કર્યો છે.'

'એ કુમારી છે?'

'હા.'

સુદામાએ સંવેદનશીલ સ્વરે શાંતિથી કહ્યું :

એ સુખી દેખાતી હશે પણ સુખી નહીં હોય. તારા સિવાય એ સુખી બની જ નહીં શકે. એનું સુખ તારામાં જ રહેલું છે. તારા સ્મરણ, સ્નેહ અને સમાગમમાં. તારી વાત પરથી મને એ વખતે એવું જ લાગેલું. તારું હૃદય પ્રેમથી ભરેલું છે એટલે તને બીજું તો શું કહું? રાધાનો આત્મા એકદમ અસાધારણ છે. એ તને કોઈ રીતે કદી પણ નહીં ભૂલે. પણ તું પણ ભૂલેચૂકે પણ એને ના ભૂલતો.

'હું એને કદી પણ ભૂલવાની કલ્પના સરખી કરી શકું એમ છું? પ્રેમીજનોને ગમે તેટલો કાળ વીતી જાય ને બહારથી જોતાં ગમે તેટલું દૂર રહેવું પડે તો પણ હું નથી ભૂલતો. તને પોતાને એનો અનુભવ થઈ રહ્યો છે.'

'સાચું છે. પરંતુ હું પોતે પ્રેમવશ થઈને તારી પાસે ના આવ્યો હોત તો તું મારી સંભાળ કાઢવા આવત ખરો?'

'ના શા માટે આવત? કોઈક વાર તો આવત જ. જોકે માનસિક રીતે તો હું તારી પાસે અવારનવાર આવી પહોંચતો ને



કેટલીકવાર તો દિવસમાં બેથી ત્રણ વાર.'

દ્વારકાનું વાતાવરણ સુદામાને ખૂબ જ અનુકૂળ આવી ગયું.

કૃષ્ણ, બળરામ અને રુકિમણીનો સંપર્ક એને માટે આનંદદાયક થઈ પડ્યો.

'ભાભીએ મારે માટે કાંઈક મોકલ્યું છે ખરું?' કૃષ્ણે એક વાર પ્રેમથી પ્રશ્ન કર્યો.

'મોકલ્યું છે.' સુદામાએ ઉત્તર આપ્યો.

'શું મોકલ્યું છે? હીરા, માણેક, મોતી, વસ્ત્ર...?'

'એણે તારે માટે પૌંઆ મોકલ્યા છે.'

'પૌંઆ?'

'હા. અમારી પાસે એ સિવાય બીજું શું હોય? અમે દરિદ્ર તને બીજું તો શું આપી શકીએ? દિલમાં પ્રેમ છે તેનું મૂલ્ય હીરા, માણેક, મોતી કરતાં વધારે છે. ભાગ્યની ગતિ તો જો! એ કેટલી બધી વિચિત્ર લાગે છે? આપણે બંને એકજ ગુરુના શિષ્યો હોવાં છતાં જીવનમાં ભિન્નભિન્ન માર્ગે વળી ગયા. તું પાર વિનાની પ્રતિષ્ઠા પામ્યો, સંપત્તિનો સ્વામી બન્યો, ને હું દરિદ્ર રહ્યો. ભાગ્ય એવું વિપરીત છે કે ઘરમાં ખાવાનાં પણ ફાંફાં છે.'

'તું પણ સંપત્તિવાળો છે, સુદામા! તું શીલવાન હોવાથી સંપત્તિશાળી જ છે. મારી આ પ્રચુર મિલકત બીજા કોને માટે છે? સમસ્ત સમાજને માટે. તેના પર તારો પણ અધિકાર છે. ભાગ્યની લીલા એકસરખી નથી હોતી. તેને લીધે સુખી દુઃખી થવાનું ઉચિત નથી.'

કૃષ્ણે સુદામાના પૌંઆને પ્રેમપૂર્વક આરોગવા માંડ્યા ને કહ્યું :

'પૌંઆ તો ઘણાં ખાધા છે પરંતુ આવા સ્વાદિષ્ટ પૌંઆ મારા સમગ્ર જીવનમાં કોઇ વાર નથી જોયા. આનો સ્વાદ સ્વર્ગીય અને અવર્ણનીય છે.'

રુકિમણી પણ એ પ્રેમપ્રસાદથી ધન્ય બની.

સુદામાની આંખ ભરાઇ ગઇ.

કૃષ્ણે કહ્યું :

'સુદામા, આ પૌંઆ ધરતીની વિરાટ શક્તિનું પ્રતીક છે. મને એ ધરતી પર પ્રેમ છે. એને માટે જ મારું શરીરધારણ છે ને મારું જીવન પણ એને માટે જ વપરાઇ રહ્યું છે. એને સમૃદ્ધ ને સુખી કરવાનો મારો સંકલ્પ છે. આ સ્વાદને કદી પણ નહીં ભૂલી શકું.'

કૃષ્ણે થોડી વાર શાંતિ રાખીને કહ્યું :

'જીવના મોટા ભાગના દુઃખનું કારણ એ પોતાના સ્વરૂપને ઓળખાતો નથી અથવા પરમાત્માને પ્રેમ નથી કરતો તે છે. પરમાત્મા સાથેના પોતાના શાશ્વત સ્નેહસંબંધને એ તાજો કરે તો સુખી થાય, શાંતિ પામે, ને દરિદ્રતામાંથી મુક્તિ મેળવે.'

કૃષ્ણના થોડા દિવસોના આતિથ્યને માણીને સુદામાએ સુદામાપુરી જવાની ઇચ્છા પ્રદર્શિત કરી ત્યારે કૃષ્ણે કહ્યું :

'હવે ફરી ક્યારે આવશે?'

'નક્કી ના કહી શકું. સંજોગો પર આધાર રાખે છે.'

'એમ કેમ? આ ઘર તથા મારું સર્વ કાંઇ તારું જ છે. અવારનવાર આવતો રહેજે. એને માટે કોઇ આમંત્રણની આવશ્યકતા ના હોય.'

સુદામાની આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં.



છૂટા પડતી વખતે સુદામાએ કહ્યું :

'તારા પવિત્ર પ્રેમને કદાપિ નહીં ભૂલી શકું.'

'અને હું પણ નહીં ભૂલી શકું.' કૃષ્ણે કહ્યું.

રુકિમણીનું હૃદય રાગમય બની ગયું.

સુદામાએ કૃષ્ણ પાસે કશી જ યાચના ના કરી. એણે વિચાર્યું કે કૃષ્ણે કશું ના આપ્યું તે સારું કર્યું, કારણ કે ધનવૈભવની મોહિનીમાં પડીને માણસ પરમાત્માને ભૂલી જાય છે. કૃષ્ણે આદર્શ મિત્ર તરીકે મારું શ્રેય જ કર્યું છે.

પરંતુ કૃષ્ણ કશું ના આપે એવું બને જ કેમ?

એમના અસાધારણ અનુગ્રહના પરિણામે સુદામાને અનંત ઐશ્વર્યની પ્રાપ્તિ થઇ. ઝૂંપડી રાજપ્રસાદ બની ગઇ. બધી દરિદ્રતા દૂર થઇ.

ઘેર પહોંચ્યા પછી જ એને એનો અનુભવ થયો.

એનું શેષ જીવન કૃષ્ણકૃપાથી અતિશય સુખશાંતિ તથા સમૃદ્ધિપૂર્વક ઈશ્વર—આરાધના અને જનસેવામાં પસાર થવા લાગ્યું. (ક્રમશઃ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧